બાળ

મુખગણિત

ભાગ ૨ જો.

બીજા અને ત્રીજા ધોરણ માટે.

રચનાર,
ચુનીલાલ ગોવરધનદાસ શાહ,
બી. એ.; એસ. ટી. સી. ડી
મુંબાઇ ઇલાકાના સરકારી કેળવણી ખાતામાં શિક્ષક
અમદાવાદ.

પ્રસિદ્ધ કરનાર,
સોમચંદ ભગવાનદાસની કંપની.
પેપર મરચન્ટ, બુકસેલર, પબ્લીસર્સ
૨૬૬૭ પાનકોરનાકા—અમદાવાદ

આવૃત્તિ ૧ લી. [illegible] ૧૦૦૦
સંવત ૧૯૭૦ સને ૧૯૧૪.

રીચીરોડના પૂલ નીચે આવેલા શ્રી જૈનવિજયપ્રિન્ટિંગ પ્રેસમાં, શાહ ચુનીલાલ અમથાશાએ છાપ્યું—અમદાવાદ

કીમત ૦-૧-૬.

બાળ

મુખગણિત.

ભાગ ૨ જો.

બીજા અને ત્રીજા ધોરણ માટે.

રચનાર,
ચુનીલાલ ગોવરધનદાસ શાહ.
બી. એ.; એસ. ટી. સી. ડી.
મુંબાઇ ઇલાકાના સરકારી કેળવણી ખાતામાં શિક્ષક.

પ્રસિદ્ધ કરનાર,
એસ. બી. શાહની કંપની.
પેપર મરચન્ટ, બુકસેલર, પબ્લીસર્સ.
૨૬૬૭ પાનકોરનાકા—અમદાવાદ.

સંવત ૧૯૭૦. સને ૧૯૧૪.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૦૦૦.

ધી જૈન વિદ્યાવિજય પ્રીન્ટીંગ પ્રેસમા શા. ચુનીલાલ
અમથાશાએ છાપ્યુ.

પ્રસ્તાવના.

મુખગણિત પ્રથમ ભાગમાં જે રીતિ ગ્રહણ કરવામાં આવી છે, તેને અનુસરીને જ નવી પદ્ધતિ પ્રમાણે આ ભાગ રચવામાં આવ્યો છે. બધા હિસાબો વર્ગમાં ગણાવ્યા પછી જ ગોઠવવામાં આવ્યા છે.

શિક્ષકોએ સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારથી દાખલાના જવાબ મોંઢે કઢાવવા, અને દરેક દાખલાની સહેલામાં સહેલી રીત કઈ તે છોકરાં પાસે કઢાવવી. કેટલાએક દાખલાઓ બે ત્રણ રીતે થઇ શકે છે પણ સહેલી રીતનો (ભાગ પાડવાનો અથવા પ્રમાણથી) ઉપયોગ કરાવવો.

કુંચીઓ આપી નથી, તેનુ કારણ માત્ર એટલુંજ કે શેર અને મણનું પ્રમાણ અથવા રૂપિઆ અને આના વગેરેનો સંબંધ છોકરાં પોતાની મેળે શોધી શકે.

આ ભાગમાં જેટલા આંક જે ધોરણમાં શીખવાના છે, તેના ઉપયોગથી જ થઇ શકે તેવા હિસાબ આપ્યા છે.

માત્ર સૂચના એટલીજ છે કે એક દાખલાના જેવા, બનાવી શકાય તેવા. બીજા દાખલા શોધી કાઢી મહાવરો વધારે પડાવવો. જવાબ આપવાનું ઉચીત ધાર્યું નથી. માત્ર કોઇ કોઇ ઠેકાણે સહેજ સૂચના આપી છે. માટે ઘર આગળ પણ શિક્ષક છોકરાંને

ગણવા આપી શકે વધારે મહાવરાથી છોકરાં પોતાની મેળે પણ હિસાબ ઉત્પન્ન કરી શકશે.

યોગ્ય સૂચના આભાર સાથે સ્વીકારવામાં આવશે.

અમદાવાદ.
શાહપુર.

ચુ. ગો. શાહ.

ધોરણ બીજું.

(૧)

કોઈ રકમમા ૧૦, ૨૦, ૩૦ વગેરે આખા દશકવાળી રકમ ઉમેરવી તથા બાદ કરવી હોય તો રીત મુજબ એકમનો આંકડો દબાવી બાકી રહેલા આંકડામાં ઉમેરવાના દશકનો આંકડો ઉમેરી અથવા બાદ કરી દબાવી રાખેલો આંકડો ઉપર ચઢાવવો. જેમકે ૫૮ માં ૩૦ ઉમેરવા અથવા બાદ કરવાના હોય તો આઠડો દાબી વાચવાથી ૫ રહ્યા. તેમાં ૩ ઉમેરતા ૮ થાય અને બાદ કરતા ૨ રહે તેના ઉપર ૮ મૂકવાથી ૮૮ અને ૨૮ જવાબ

૧—૩૯ ને ૩૦ મળી કેટલા થાય ?

૨—૧૨૫ ને ૨૦ મળી કેટલા થાય ?

૩—૨૪૫ ને ૧૦ મળી કેટલા થાય ?

૪—૧૮૫ ને ૩૦ ,, ,, ,,

૫—૧૫૨ ને ૨૦ ,, ,, ,,

૬—૫૭ ને ૩૦ કેટલા ?

૭—૧૯૭ ને ૧૦ કેટલા ?

૮—૨૬૭ ને ૩૦ કેટલા ?

૯—૨૩૯ ને ૨૦ કેટલા ?

૧૦—૨૧૫ ને ૧૦ કેટલા ?

૧૧—આપણી નિશાળમાં ૨૯૫ છોકરા છે પણ આજે ૧૦ જમવા ગયા છે અને ૧૦ માંદા હોવાથી આવ્યા નથી ત્યારે કેટલા છોકરા હાજર હશે ?

૧૨—એક રબારી પાસે ૨૧૧ ઢોર છે તેમાંથી તેણે ૧૦ વાછરડી, ૭૦ આખલા અને ૨૦ બળદ વેચી દીધા તો હવે તેની પાસે કેટલાં ઢોર રહ્યાં ?

૧૩—મારી પાસે ૧૧૦ કેરી હતી અને બે ટોપલા બીજી લીધી તે દરેકમાંથી ૧૧૦ નીકળી, તો મારી પાસે કેટલી કેરી થઈ ?

૧૪—એક પાંજરા પોળમાં ૨૯૦ ઘેટા હતાં; તેમાથી ૨૦ મરી ગયાં અને ૩૦ માદાં પડયાં, ત્યારે સારાં કેટલાં ?

૧૫—મોતી પાસે ૧૧૭ દાડમ હતા, અને મેં તથા કેશવે તેને ૨૦, ૨૦ આપ્યાં, તો બધા મળી કેટલા થયાં ?

૧૬—એક ટ્રેનમાં ૨૬૫ માણુસ બેઠાં હતાં તેમાથી એલીસબ્રીજ ૩૦ ઉતરી ગયાં અને ૨૦ સાબરમતીએ ઉતર્યાં, તો હવે કેટલાં માણુસ રહ્યાં ?

૧૭—૨૦૦ માંથી ૩૦ જાય તો કેટલા રહે ?

૧૮—૨૯૫ માથી ૨૦ જાય તો કેટલા રહે ?

૧૯—૩૦૦ માથી ૧૦ જાય તો કેટલા રહે ?

૨૦—૧૭૫ માથી ૨૦ જાય તો કેટલા રહે ?

૨૧—મેં ૧૯૧ રૂપિયાની ભેંસ લીધી તેનુ ખરચ કાઢતા પહેલે મહિને ૧૦ રૂપિયા અને બીજે મહીને ૨૦ રૂપિયા બચ્યા તો હવે ભેંસ કેટલે પડી ?

---

(૨)

પુરા દશક કરતા થોડા વધારે કે થોડા ઓછા ઉમેરવા અથવા બાદ કરવાના હોય તો પ્રથમ પુરા દશક ઉમેરી અથવા બાદ

કરી, સરવાળામાં વધારાનો આકડો ઉમેરવો અને ઓછા હોય તો બાદ કરી જવાબ કહેવો; અને બાદબાકીમા વધારાનો આકડો બાદ કરવો તથા ઓછા હોય તો તે આંકડો ઉમેરી લેવો.

૧—૨૫ ને ૧૨ કેટલા ?=૨૫ ને ૧૦ પાંત્રોશ ને ૨ સાડત્રીશ.

૨—૫૭ માંથી ૨૬ જાય તો કેટલા રહે ?=૫૭–૩૦=૨૭+૪ =૩૧ જવાબ.

૩—૨૫૫ માં ૩૪ ઉમેરૂં તો કેટલા થાય ? (૪) ૮૮ માં ૪૫ ઉમેરૂં તો કેટલા થાય ?

૫—૧૯૯ માં ૨૭ ઉમેરૂં તો કેટલા થાય ? (૬) ૧૬૨ માં ૩૩ ઉમેરૂ તો કેટલા થાય ?

૭- ૨૦૫ માં ૯૭ ઉમેરૂં તો કેટલા થાય ? (૮) ૨૧૫ માં ૫૩ ઉમેરૂં તો કેટલા થાય ?

૯—૯૯ મા કેટલા નાંખું તો ૧૧૨ થાય ? (૧૦) ૧૨૫ માંથી કેટલા લઇ લઉ તો ૯૫ રહે ?

૧૧—એક વેપારીએ ૧૧૫ રૂપિયે ઘોડો વેચ્યો અને ૯૫ રૂપિયે સામાન વેચ્યો તો બધા મળી કેટલા રૂપિયા ઉપજ્યા ?

૧૨—એક ભરવાડે ૧૩૭ રૂપિયે ભેંસ વેચી તેમાંથી ૨૭ રૂપિ-યાની ગાય લીધી તો કેટલા રૂ. રહ્યા ?

૧૩—મારા છાપરાપર ૧૫૦૦ નળીઆં હતાં પણ વાંદરાંએ ભાગી નાખવાથી ૨૭૦ લાવવાં પડયાં, તો જુનાં નળીઆં કેટલાં રહ્યાં?

૧૪—મારી પાસે એક રૂપિયાની પાઇઓ હતી તેમાંથી દરેક ભિખારીને એકેકી આપતાં ૧૧૦ પાઈ રહી, તો ભિખારી કેટલા ?

૧૫—એક ખેતરમાં ૯૯ ઝાડ હતાં, પવન આવવાથી ૧૯ પડી ગયા, તો કેટલાં બાકી રહ્યાં ?

(૩)

કોઇ રકમમાં તેટલાજ ઉમેરવા હોય તો તેટલા દ્વ ગણી લેવા. ૨૫+૨૫=પચીસ દ્વ=૫૦.

(૧) ૧૭+૧૭, ૧૬+૧૬, ૧૯+૧૯, ૨૧+૨૧, ૨૩+૨૩, જવાબ કહો.

(૨) ૯+૯, ૧૧+૧૧, ૧૫+૧૫, ૨૬+૨૬, ૨૮+૨૮. ,,

(૩) ૧૩+૧૩, ૧૮+૧૮, ૧૪+૧૪, ૨૭+૨૭, ૨૯+૨૯. ,,

(૪) ૩૦+૩૦, ૩૨+૩૨, ૩૩+૩૩, ૩૪+૩૪, ૩૫+૩૫. ,,

(૫) ૭+૭, ૮+૮, ૨૪+૨૪, ૧૫+૧૫, ૧૦+૧૦, ૫+૫. ,,

---

(૪)

અગીઆરાના આંકનો ઉપયોગ.

૧—૧૧ માં અગીઆર ઉમેરવાથી કેટલા થાય? ૨૨ મા કેટલા મૂકું તો ૩૩ થાય?

૨—૧૧ પૈસાનાં ૬૬ જમરૂખ મળે છે તો ૧૯ પૈસાના કેટલાં મળે?

૩—૭૭ પતાસા ૧૧ છોકરાને સરખે ભાગે વહેંચી આપ્યાં, એ હિસાબે ૧૬ છોકરાને આપવાને કેટલા પતાસાં જોઇએ?

૪—૯૯ પૈસાના ૧૧ દાડમ મળે છે તો ૧૭ દાડમનું શું આપવુ?

૫—૧૨ પૈસાની પાઇ કેટલી? કેટલી વખત ૧૨ લઇએ તો ૩૬ થાય? ૩૬ માંથી ૧૨ લઉં તો કેટલા રહે?

૬—૬૦ લીબુના ૧૨ પૈસા બેસે છે તો ૨૦ પૈસાના કેટલાં લીંબુ આવે?

૭—૭૨ મજુરને ૧૨ રૂપિયા આપવા પડે છે તો ૧૮ રૂપિયામાં કેટલા મજુર રખાય?

૮—૧૨ પુસ્તકના ૮૪ રૂપિયા પડે છે તો ૧૩૩ રૂપિયામાં કેટલાં પુસ્તક આવે ?

૯—૪ વખત ૧૩ લેવાથી કેટલા થાય ? ૫૨ માં તેર ઉમેરવાથી કેટલા થાય ?

૧૦—૬૫ ચમચાના ૧૩ રૂપિયા કિંમત થાય છે તો ૯૦ ચમચાનું શું આપવુ ?

૧૧—૭૮ પુળાના ૧૩ રૂપિયા બેસે તો ૧૦૮ પુળાનું શુ આપવું?

૧૨—૧૧૭ આનામા ૧૩ તાળા મળે છે તો ૧૯ તાળાંનું શું આપવું ?

૧૩—૭ પેટીના ૯૧ રૂપિયા પડે છે તો ૧૦૪ રૂપિયામા કેટલી પેટી મળે ?

૧૪—૪૨ શેર ઘીના ૧૪ રૂપિયા પડે છે તો ૧૭ રૂપિયાનુ કેટલું આવે ?

૧૫—૫૬ શેર બાજરીના ૪ રૂપિયા બેસે છે તો ૯ રૂપિયાની કેટલી આવે ?

૧૬—૨૮ જાંબુના ૨ પૈસા બેસે છે તો ૭ પૈસાનાં કેટલા મળે?

૧૭—પોણાબે મણ તેલના ૧૪ રૂપિયા બેસે છે તો ૧૭ રૂપિયાનું કેટલું આવે ?

૧૮—૨ મણ ૪ શેર બાજરીના ૬ રૂપિયા પડે તો ૯ રૂપિયાની કેટલી આવે ?

૧૯—કેટલી વખત ૧૪ લેવાથી ૧૨૬ થાય ?

૨૦—૧૫ રૂપિયાનું દોઢ મણ મધ મળે છે તો ૧૬ રૂપિયાનું કેટલું મળે ?

૨૧—૭૫ ગાડા ખાતરના ૧૫ રૂપિયા પડે છે તો ૯ રૂપિયાનું કેટલું ખાતર આવે ?

૨૨—૧૦૫ લીંબુના ૧૫ પૈસા પડે છે તો ૧૭ પૈસાનાં કેટલાં મળે?

૨૩—કેટલી વખત ૧૫ લેવાથી, ૪૫, ૧૨૦, ૧૩૫ થાય ?

૨૪—૧૬ આનીના પૈસા કેટલા ?

૨૫—૪૮ કલમના ૧૬ પૈસા પડે તો ૧૪ પૈસાની કેટલી કલમ આવે ?

૨૬—૧૪૪ કેળાંના ૧૬ આના પડે તો ૯૯ કેળાંનું શું પડે ?

૨૭—૫, ૭, ૮, વખત ૧૬ લેવાથી કેટલા થાય ?

૨૮—૫૧ નારંગીના ૧૭ આના પડે છે તો ૧૨ આનાની કેટલી આવે ?

૨૯—૧૭ રૂપિયાનું ૨ મણ ૫ શેર તેલ મળે છે તો ૬૦ શેરનું શું આપવું ?

૩૦—૧૫૩ પેનના રૂ. ૧-૧ પડે છે તો ૧૩ આનાની કેટલી આવે?

૩૧—કેટલી વખત ૧૭ લેવાથી ૬૮, ૧૦૨, ૧૩૬ આવે ?

૩૨—બે વખત ૧૮ લેવાથી કેટલા થાય ? ૩૬ માં ૧૮ નાખું તો કેટલા થાય ?

૩૩—સવાબે મણ તેલના ૧૮ રૂપિયા પડે છે તો ૩૫ શેર તેલનું શું આપવું ?

૩૪—૧૮ છોકરાની ફી ૧૦૮ આના ઉપજે છે તો કેટલા છોકરાની ફી ૩ રૂપિયા થાય ?

૩૫—૧૨૬ શેર દુધ જોઇતુ હોય તો ૧૮ ગાયો દોહવી જોઇએ ત્યારે તેવીજ ૨૦ ગાયો દોહવાથી કેટલુ દૂધ મળશે ?

૩૬—કેટલી વખત ૧૯ લઉ તો ૫૭, ૭૬, ૯૫ થાય ?

૩૭—૯૫ માં ૧૯ ઉમેરૂં તો કેટલા થાય ? ૧૫૨ માંથી ૧૯ લઉ તો કેટલા રહે ?

૫૩૧૫

૩૮—૫૭ પૈસાના ૧૯ ખડીઆ મળે છે તો ૧૩ ખડીઆનું શુ બેસે ?

૩૯—૨૦ માં ૨૦ ઉમેરૂં તો કેટલા થાય ? કેટલી વખત ૨૦ લઊં તો ૧૦૦, ૧૪૦ થાય ?

૪૦—૧૮૦ માથી ૨૦ લઊં તો કેટલા રહે ? ૧૬૦, ૧૪૦ માંથી ૨૦ લઊં તો કેટલા રહે ?

---

(૫)

એકવીસાના આંકનો ઉપયોગ.

૧—૨૧ માં ૨૧ નાખું તો કેટલા થાય ? ૧૦૫ માંથી ૨૧ લઈ લઊં તો કેટલા રહે ?

૨—કેટલી વખત ૨૧ લેવાથી ૮૪, ૧૨૬, ૧૬૮ થાય ?

૩—૨૧ કેરીના ૬૩ પૈસા પડે છે તો ૨૪ કેરીના કેટલા પડે ?

૪—૨૧ રૂપિયાનું મ. ૨–૪ શેર મધ મળે તો ૨૮ રૂપિયાનું કેટલુ મળે ?

૫—૨૨ સ્લેટોના ૬૬ આના પડે છે તો ૭૫ આનામાંથી કેટલી સ્લેટો આવે ?

૬—૧૩૨ રૂપિયાની ૨૨ બકરી આવે તો ૨૭ બકરીનું શું પડે ?

૭—૨૨ રૂપિયાનાં ૧૫૪ પાકીટ મળે છે તો ૨૦૩ પાકીટનું શુ બેસે ?

૮—૧૯૮ માંથી ૨૨ લઊં તો કેટલા રહે ? કેટલી વખત ૨૨ લેવાથી ૧૭૬ થાય ?

૯—૨૩ માં ૨૩ નાંખવાથી કેટલા થાય? કેટલી વખત ૨૩ લેવાથી ૧૩૮, ૧૮૪ થાય?

૧૦—૬૯ પૈસાનાં ૨૩ બટન મળે છે તો ૨૭ બટનનું શું બેસે?

૧૧—૨૩ દિવસમાં ૧૧૫ આના પગાર મળે તો ૧૪૫ આના કેટલા દિવસમાં મળે?

૧૨—૧૬૧ જાંબુના ૨૩ પૈસા પડે તો ૧૯૬ જાંબુનું શું પડે?

૧૩—૨૪×૯, ૨૪×૩, ૨૪×૬, ૨૪×૫ શું?

૧૪—૭, ૪, ૮ વખત ૨૪ લેવાથી કેટલા થાય?

૧૫—૨૪ આનાનાં ૧૯૨ પતાસાં મળે છે તો ૧॥। રૂપિયાના કેટલાં મળે?

૧૬—૭૨ આનાની ૨૪ બંગડી મળે છે તો ૨૯ બંગડીનું શું પડે?

૧૭—૨૫ માં ૨૫ ઉમેરૂં તો કેટલા થાય? ૫૦ માં ૨૫ ઉમેરૂં તો કેટલા થાય?

૧૮—૩, ૪, ૬, વખત ૨૫ લેવાથી કેટલા થાય?

૧૯—૨૫ બકરીના ૨૨૫ રૂપિયા બેસે છે તો ૨૬૧ રૂપિયાની કેટલી બકરી આવે?

૨૦—૧૦૦ કેળાના ૨૫ પૈસા પડે છે તો ૩૦ પૈસાના કેટલાં કેળાં મળે?

૨૧—૫૨ લીંબુના ૨૬ પૈસા બેસે છે તો ૫૮ પૈસાના કેટલાં લીંબુ મળે?

૨૨—કેટલી વખત ૨૬ લેવાથી ૧૦૪, ૧૮૨, ૨૩૪ થાય?

૨૩—૧૮૨ જમરૂખના ૨૬ આના પડે છે તો ૨૧ આનાના કેટલાં જમરૂખ મળે?

૨૪—૨૩૪ પૈસાની ૨૬ ટોપી આવે છે તો ૨૪ ટોપીનું શું બેસે?

૨૫—૨૭ રૂપિયાના ૮૧ દડા મળે છે તો ૬૬ દડાનુ શું બેસે ?

૨૬—૧૩૫ દાડમના ૨૭ રૂપિયા બેસે છે તો ૨૩ રૂપિયાનાં કેટલાં દાડમ આવે ?

૨૭—૨૪૩ શેર તેલના ૨૭ રૂપિયા પડે છે તો ૨૯ રૂપિયાનું કેટલું તેલ આવે ?

૨૮—૧૬૨ રૂપિયાનાં ૨૭ મરઘાં મળે છે તો ૨૮ મરઘાનું શું બેસે ?

૨૯—૨૮ ભેંસો ૧૧૨ શેર દૂધ આપે છે તો ૨૫ ભેંસો કેટલું દૂધ આપે ?

૩૦—૧૭૪ આનાની ૨૯ શીશી મળે છે તો ૩૦ શીશીનું શું આપવું ?

૩૧—કેટલી વખત ૨૯ લેવાથી ૧૪૫, ૨૦૩, ૨૬૧, થાય ?

૩૨—૨૫૨ માંથી ૨૯ લઇએ તો કેટલા રહે ?

૩૩—૩૦ માં ૩૦ ઉમેરવાથી કેટલા થાય ? ૬૦, ૯૦, ૧૨૦ માં ૩૦ ઉમેરવાથી કેટલા થાય ?

૩૪—૩૦ રૂપિયામાં ૨૧૦ ટોપીઓ મળે છે તો ૨૫ રૂપિયાની કેટલી ટોપી મળે ?

૩૫—૨૭૦ બદામના ૩૦ પૈસા પડે તો ૨૪ પૈસાની કેટલી બદામ મળે ?

---

(૬)

અરધાના આંકનો ઉપયોગ.

૧—આ જમરૂખ બે છોકરાને સરખે ભાગે વહેંચી આપો તો દરેકને કેટલું મળે ?

૨—પાંચ છોકરા છે તે દરેકને અરધો પેડો આપીએ તો કેટલા જોઇએ.

૩—ત્રણ રૂપિયા છે તેમાંથી અરધો અરધો રૂપિયો દરેકને આપુ તો કેટલાને અપાય ?

૪—રૂ.૫ માં ૦ાા ઉમેરવાથી કેટલા થાય ? કેટલી વખત ૦ાા લેવાથી ૫ાા થાય ?

૫—હુ ૦ાા કલાકમાં ગાઉ ચાલુ છુ તો ૧૫ ગાઉ ચાલવાને કેટલા કલાક થશે ?

૬—મેં ૪ કલાકમાં ૮ પાના લખ્યાં તો એક પાનુ લખતાં કેટલો વખત લાગ્યો ?

૭—એક સુતારને ૦ાા રૂપિયો રોજ આપવો કરી બોલાવ્યો ૧૭ દિવસે કામ પૂરૂ થયું તો તેને કેટલા રૂપિયા આપવા ?

૮—એક બરફના કકડામાંથી હમેશાં ૦ાા મણ પીગળી જાય છે તે આખો કકડો ૨૫ દહાડામા પીગળી ગયો ત્યારે તેનુ વજન કેટલુ હશે ?

૯—મારી પાસે ૧૩ લીંબુ છે, તેમાથી અરધું અરધુ કેટલા માણસને મૂકી શકાય ?

૧૦—૨૦ રૂપિયામાં ૫ અર્ધા રૂપીઆ મૂકીએ તો કેટલા રૂપિયા કહેવાય ?

૧૧—૫૦ દિવસમાં ૨૫ મણ અનાજ વપરાય છે તો ૩૩ાા મણ અનાજ કેટલા દિવસ ચાલશે ?

૧૨—૫૨ પૈસાના ઢબુ કેટલા આવે ? ૫૬ આનીની બે આની કેટલી આવે ?

૧૩—૬૪ બે આનીની પાવલી કેટલી આવે ? ૭૦ અરધાના રૂપિયા કેટલા થાય ?

૧૪—અનાજનો ઢગલો છે તેને અધમણીઆથી જોખતાં ૮૮ વખત જોખવું પડે છે ત્યારે મણીકાથી જોખતાં કેટલી ધારણુ થાય ?

૧૫—૪૯ાા પૈસાનાં ૯૯ જમરૂખ મળે છે તો ૧, ૨, ૩ જમરૂખનું શું પડે ?

૧૬—૧૧, ૨૧, ૩૧, ૪૧, ૫૧, ૬૧ વખત ૦ાા લેવાથી કેટલા થાય ?

૧૭—મારી પાસે ૪૩ સફરજન હતાં તેમાથી ૨૨ છોકરાને દરકને અરધું અરધુ આપ્યુ અને અમે ચાર ભાઇએ અરધું અરધુ ખાધુ તો હવે બાકી કેટલા રહ્યા ?

૧૮—છગન પાસે ૪૧ રૂપિયા હતા અને અમે દરેકે અરધો રૂપિયો આપ્યો ત્યારે તેની પાસે ૪૫ રૂ. થયા તો અમે કેટલા માણસ હોઇશુ ?

૧૯—એક ભિખારી પાસે ૩૯ પૈસા હતા અને જાત્રાળુએ અધેલો અધેલો આપ્યો ત્યારે તેની પાસે ૧૧ આના થયા તો જાત્રાળુ કેટલા ?

૨૦—એક ગામમાં ૮૭ ઘર છે તે દરેક ઘેરથી અરધો રૂપિયો લીધો તો કેટલા રૂપિયા થયા ?

૨૧—૧૭ાા રૂપિયામાંથી દરેકને ૦ાા રૂપિયો આપતા કેટલાને પહોંચે?

૨૨—મારી પાસે ૪૧ લાડુ છે અને ભિખારી ૯૩ છે તે દરેકને ૦ાા લાડુ આપુ તો કેટલા ખૂટે ?

૨૩—એક ગામમા ૭૨ સો માણુસની વસ્તી છે માણુસ દીઠ ૦ાા રૂપિયો લઇએ તો કેટલા રૂપિયા થાય ?

૨૪—એક માણુસને જમાડતાં ૦ાા રૂપિયો ખરચ થાય છે એવાં ૬ સો માણુસ જમાડવાનું શું ખરચ થશે ?

૨૫—કેટલી વખત ૦ાા લેવાથી ૧ળા, ૨ળા, ૩ગા, ૩ળા, ૪૨ાા, ૪ળા, થાય ?

---

(૭)

પાયાંના આંકનો ઉપયોગ.

૧—૬ ચોપડીનો દોઢ રૂપિયો બેસે છે તો ૨૮ ચોપડીનું શું બેસે ?

૨—૯ મજુરનુ ખર્ચ સવાબે રૂપિયા થાય છે તો ૧૪ાા રૂપિયામાં કેટલા મજૂર રખાય ?

૩—૭ શેર તેલના પોણાબે રૂપિયા પડે છે તો ૧૩ રૂપિયાનું કેટલું આવે ?

૪—૩ શેર ઘીમાં ૧૨ માણસો જમે તો ૮૮ માણસ જમાડવાને કેટલુ ઘી જોઇએ ?

૫—૧૫ શેર મધના પોણાચાર રૂપિયા પડે છે તો ૧૭ રૂપિયાનુ કેટલુ મધ આવે ?

૬—૧૩ પૈસાની ૧૩ છાપો મળે છે તો ૮૨ છાપના કેટલા આના પડે ?

૭—૧૪ રૂપિયાના સાડાત્રણસો પુળા મળે તો ૮૯ રૂપિયાના કેટલા પુળા મળે ? (૧ રૂપિયાના ૨૫=પા સો.)

૮—૨૧ શેર દૂધની ૮૪ પળીઓ થાય છે તો ૧૯ પળીમા કેટલું દૂધ આવે ?

૯—૫ શેર તમાકુનો સવા રૂપિયો પડે છે તો અરધો મણ તમાકુનું શું બેસે ?

૧૦—૨૨ દાડમના સાડા પાંચ રૂપિયા બેસે છે તો ૧૬ાા રૂપિઆના કેટલાં આવે ?

૧૧—૬ા રૂપિયાનાં ૨૫ પાકીટ મળે તો ૬૯ પાકીટનુ શું બેસે ?

૧૨—૭ા મણ અનાજ ૨૯ દીવસ ચાલે છે તો ૬૫ દીવસમાં કેટલું અનાજ જોઇએ ?

૧૩—૩૩ સ્લેટના સવાઆઠ રૂપિયા પડે છે તો ૧૪ાા રૂપિયામાં કેટલી સ્લેટો આવે ?

૧૪—૮ાાા મણ તેલના ૩૫ રૂપિયા પડે તો ૫૫ રૂપિયાનું કેટલા મણ આવે ?

૧૫—૩૮ ચીમનીના ૯ાા રૂપિયા બેસે તો ૧૩ા રૂપિયામાં કેટલી ચીમની આવે ?

૧૬—૮૩ માણુસને ૧૦ાાા મણ બાજરી જોઇએ તો ૮૮ માણુસને કેટલી જોઇએ ?

૧૭—૧૧ા રૂપિયામા ૪૫ મજુરો રાખી શકાય તો ૭૭ મજુરોને શુ આપવુ જોઇએ ?

૧૮—મારે ૭૨ ચોપડીઓ લેવી છે, દરેકના ચાર આના બેસે છે તો કેટલા રૂપિયા જોઇએ ?

૧૯—૨૪ રૂપિયામાંથી ચાર આનાની ૭ ટોપી લીધી તો બાકી શુ રહ્યુ ?

૨૦—મારી પાસે ૧૨ાા મણ બાજરી હતી અને ૬ તોલાં બીજી લીધી તો બધી મળી કેટલી થઇ ?

૨૧—મેં ૪૯ પાઘડી બંધાવી તે દરેકનો પા રૂપિયો આપવો પડયો તો કુલ કેટલુ ખરચ થયુ ?

૨૨—૧૩,૨૩,૩૩,૪૩,૫૩,૬૩,૭૩ વખત પા લેવાથી કેટલા થાય?

૨૩—મગન પાસે ૧૭ દાડમ હતાં દરેક પા રૂપિયે વેચી નાખ્યાં તો કેટલા રૂપિયા ઉપજ્યા?

૨૪—મારી પાસે ૧૩॥ મણ ઘઉં હતા અને ૯ તોલા બીજા લીધા તો કેટલા થયા?

૨૫—૨૪ મણ ઘઉં જોખવા છે, તે આઠશેરીથી જોખું તો કેટલી ધારણ થાય અને દશશેરાથી જોખું તો કેટલી થાય!

૨૬—૩૬ પાવલીનું ૧૮ શેર ઘી મળે છે તો ૩ રૂપિયાનુ કેટલુ?

---

(૮)

દોઢાના આંક સંબંધી.

૧—૬ વખત પા લેવાથી કેટલા થાય? કેટલી વખત ⅟॥ લેવાથી દોઢ થાય?

૨—દોઢ એટલે કેટલા? બે કાગળમાથી દોઢ કાગળ કેવી રીતે લેશો?

૩—એક ખેડુતને ત્યા ૮ બળદ છે તે દરેક હમેશા દોઢ મણ ઘાસ ખાય છે તો ૨ દિવસમા કેટલુ ઘાસ જોઇએ?

૪—એક રબારીએ ૯ બકરી દોહી ત્યારે ૧૩॥ શેર દૂધ થયું તો ૧ બકરીનું કેટલુ?

૫—એક વાછરડાને ૧॥ શેર દૂધ પાઇએ તો ૨૨॥ શેર દૂધ કેટલાને પહોંચે?

૬—૧૩॥ માં કેટલા નાખું તો ૧૫ થાય? કેટલી વખત ૧॥ લેવાથી ૧૫ થાય?

૭—હુ ૨૨ રૂપિયા લઇ બજારમા ગયો અને દોઢ દોઢ રૂપિયાની ટોપીઓ લીધી તો ૧ રૂપિયો વધ્યો ત્યારે કેટલી ટોપીઓ લીધી હશે?

૮—૩૦ મણ ઘી છે તેમાથી ૧।। મણનાં કેટલા માટલા ભરાય ?

૯—મેં દોઢ રૂપિયે મણના ભાવના ૨૩ મણ ઘઊં લીધા તો ૨ ગીની ઉપરાંત કેટલા રૂપિયા આપવા ?

૧૦—એક ગાંસડીમાં દોઢસો પૂળા ઘાસ છે એવી ૨૮ ગાંસડી લઇએ તો કેટલા પુળા થાય ?

૧૧—એક બળદના દોઢસો રૂપિયા ઉપજે છે ત્યારે ૪૮૦૦ રૂપિયાનો ખપ હોય તો કેટલા બળદ વેચવા ? (કેટલા દોઢું ૪૮).

૧૨—૩૯ બ્રાહ્મણ બોલાવ્યા તે દરેકને શેઠે રૂપિયો અને શેઠાણીએ અરધો દક્ષિણા આપી તો કેટલા રૂપિયા ગયા ?

૧૩—એક નિશાળમા ૪૨ છોકરા અને ૪૨ છોકરી છે, છોકરીને આખી અને છોકરાને અરધી પેન આપીએ તો કેટલી પેનો જોઇએ ?

૧૪—૪૫ વખત દોઢ લેવાથી કેટલા થાય ? કેટલી વખત દોઢ લેવાથી ૭૨, ૭૫, ૭૮ થાય ?

૧૫—૮૪ રૂપિયામાં ૫૬ મણ બાજરી મળે છે તો બાજરીનો ભાવ શો ? અને ૨ મણ લેવી હોય તો શું બેસે ?

૧૬—એક નારંગીનો દોઢ આનો બેસે છે તો ૧।। રૂપિયામા કેટલી નારંગી આવે ?

૧૭—સવા બે મણ ચોખા છે તે દોઢશેરીના કાટલાથી જોખતાં કેટલી ધારણ થાય ?

૧૮—૯૦ મણ ઘઊં હતા અને દોઢ દોઢ મણની ૮ ગાસડીઓ આવી તો કેટલા થયા?

૧૯—એક મકાન ચણવામાં દોઢસો રૂપિયા ખરચ થાય છે તો ૬૪ મકાન ચણતાં કેટલુ ખરચ થાય ?

૨૦—હુ અમદાવાદથી ચાર વાગે ધોળકે જવા નિકળ્યો, તે બાર વાગે પહોંચ્યો. કલાકે દોઢ ગાઉ ચાલતો હતો તો ધોળકા કેટલુ છેટુ હશે ?

૨૧—૯૧,૮૧,૭૧ વખત દોઢ લેવાથી કેટલા થાય ? કેટલી વખત ૧॥ લેવાથી ૧૩૨, ૧૧૮॥ થાય ?

૨૩—મારી પાસે ૯૪ અધેલા હતા તે વટાવી પાઇઓ લીધી તો કેટલી આવી ?

૨૪—મગને ૯૫ અધેલા આપી પાઇઓ માગી તો કેટલી મળશે ?

૨૫—૯૮ છોકરા છે તેમને કોટ અને પાટલુન પહેરાવવા છે કોટનો રૂપિયો અને પાટલુનનો અરધો બેસે છે તો કેટલા રૂપિયા ખરચ થશે ?

---

(૯)

અઢીઆંના આંક સંબંધી.

૧—મારી પાસે દોઢ પૈસો છે અને એક પૈસો મોટા ભાઇ પાસેથી લઉં તો કેટલા થાય ?

૨—કેટલી વખત ૦॥ લેવાથી ૨॥ થાય ? ૧૦ વખત ૦। લેવાથી કેટલા થાય ?

૩—એક રમકડાના ૨॥ પૈસા બેસે છે તેવા ૮ રમકડાં લીધાં અને ૧ પૈસો પાછો લાવ્યો ત્યારે કેટલા પૈસા લઇ ગયેલો ?

૪—૨॥ મા બીજા ૨॥ ઉમેરૂં તો કેટલા થાય ? કેટલી વખત ૨॥ લેવાથી ૧૫ થાય ?

૫—પેન્સિલનો ઢબુ અને પેનનો અધેલો બસે છે તો ૧૨ છો-

કરાના ક્લાસમા દરેકને પેન્સિલ તથા પેન વહેંચવી હોય તો અરધામાંથી શું બચે ?

૬—૧૦ શેર દાળ ૪ સરખા ભાગે વહેંચી લીધી તો દરેકને કેટલી આવી ?

૭—૨॥ શેરના કાટલાથી ૧૫ શેર ચોખા જોખવા હોય તો કેટલી વાર જોખવા પડશે ?

૮—૨॥ શેરના કાટલાથી ૧૬ વખત ઘઊં જોખી આપ્યા તો કેટલા થયા ?

૯—૧ રૂપિયાની ૧૮ શેર બાજરી મળે છે તો મ ૧–૫ શેરનું શુ આપવુ ?

૧૦—ગાયને ૨ શેર અને વાછરડાને ०॥ શેર કપાશીઆ મૂકવા પડે છે. એ લેખે ૧॥ મણ કપાસીઆ રોજ જોઇએ છીએ ત્યારે કેટલી ગાયો દૂઝણી હશે ?

૧૧—કોથળીમાંથી બાપ બેઆની અને દીકરો ઢબુ લઈ બ્રાહ્મણને આપે છે. એમ રૂ. ૪।= ગયા ત્યારે બ્રાહ્મણો કેટલા ?

૧૨—પાચ રૂપિયામાથી ૩૨ સ્લેટો ખરીદ કરી શકાય છે તો ચાર સ્લેટોનું શુ પડે ?

૧૩—૩૪, ૩૭, ૩૯ વખત ૨॥ લેવાથી કેટલા થાય ?

૧૪—૯૦ માં ૨॥ ઉમેરૂ તો કેટલા થાય ? કેટલી વખત ૨॥ લેવાથી ૯૨॥ થાય ?

૧૫—०॥। મણની અઢીશેરી કેટલી થાય ? ૨। મણની કેટલી ?

૧૬—એક પલ્લામા ૧૧૦ રૂપિયા મૂકયા છે તો બીજા પલ્લામાં કેટલાં અધોળા મૂકવાથી સમતોલ થાય ?

૧૭—૪૮ માણસો સુરત જવા નિકળ્યા, દરેકના રેલ્વેના રૂ. ૨ અને ટપ્પાનો ૦॥ ખરચ થયું તો બધાનું કુલ ખરચ કેટલુ ?

૧૮—એક માણસ દર સાલ અઢીસો રૂપિયા બચાવે છે ત્યારે કેટલા વરસે ૯૫ સો રૂપિયા બચાવશે ?

૧૯—૨॥ અઢીશેરની ૬૮ કોથળીઓ છે તેમાંથી બબે મણના કેટલા થેલા બંધાશે ? બાકી કેટલી વધશે ?

૨૦—૭૦ દાડમના ૧૭૫ પૈસા બેસે છે તો ૧ દાડમનું શુ ? ૯૬ દાડમનું શું ? રૂપિયામાં, આનામાં, અને પાવલીમાં, જવાબ આપો.

૨૧—૧૨॥ રૂપિયાની ૮૦ કેરી મળે છે તો ૧ કેરીનું શું આપવું ? ૧૫ કેરીનું શું આપવુ ? આનામા અથવા ઢબુમાં જવાબ આપો.

૨૨—પાવલીની અઢી હાથ છીંટ મળે છે તો ૨૪ રૂપિયાની કેટલી આવે ?

૨૩—એક ભેંસ ૨॥ શેર ઘી કરે છે તો ૬ મણ ઘી કરવાને કેટલી ભેંસો રાખવી ?

૨૪—૨૪૦ માથી ૨॥ લઇ લઉં તો કેટલા રહે ? ૧૫, ૨૫, ૩૫, ૪૫ વખત ૨॥ લેવાથી કેટલા થાય ?

૨૫—૯૯, ૮૯, ૭૯, ૬૯, વખત ૨॥ લેવાથી કેટલા થાય ?

---

(૧૦)
નાણાની ધાતનો ઉપયોગ.

૧—ઢબુની પાઇઓ લાવો. પૈસામાંથી પાઇનાં પાન લાવો તો બાકી શું વધે ?

૨—મારી પાસે ૫ પાઈ છે અને ૧ આનાની પેન્સીલ લેવી છે તો બીજી કેટલી પાઈ જોઇએ ?

૩—મારી પાસે બે આની છે અને મારે નાળીએર લેવું છે તેના પાંચ પૈસા બેસે છે તો કેટલા પૈસા પાછા મળે ?

૪—હું ટકો લઇ બજારમાં ગયો, ૧ પાઇનાં મરચાં લીધાં, ૨ પાઈનું આદુ લીધું અને અધેલાનું શાક લીધુ તો મારી પાસે શું રહ્યું ?

૫—મેં પાવલી વટાવી તેમાંથી એક આની મગનને આપી બે આનીના કાગળ લીધા અને ઢબુ પાસે રાખી બાકીનાની કેરી લીધી તો કેટલા પૈસા કેરીવાળાને આપ્યા ?

૬—હું બે આની લઇને નિકળ્યો હતો, અને કેશવે અરધો રૂપિયો આપ્યો. હવે બીજા કેટલા આના હોય તો રૂપિયો પૂરો થાય ?

૭—હું બે આની લઈ નિશાળે આવ્યો, માસ્તર સાહેબે શીના પૈસા લઈ મને ટકો પાછો આપ્યો ત્યારે શીના કેટલા પૈસા લીધા ?

૮—પાવલીનાં પાઇ, અધેલા, પૈસા કેટકેટલા આવે ?

૯—રૂપિયાના. અર્ધાના, અને પાવલીના પૈસા, અધેલા તથા ઢબુ કેટકેટલા આવે ?

૧૦—પાંચ રૂપિયાના આના, બે આની, પાવલી કેટલી આવે ?

૧૧—દશ રૂપિયાના ઢબુ, પૈસા અને આના કેટલા ?

૧૨—મારી પાસે થોડા પૈસા હતા, મોટા ભાઇએ એક આનો આપ્યો ત્યારે અરધો રૂપિયો પુરો થયો તો પ્રથમ મારી પાસે શું હશે ?

૧૩—મારી પાસે છુટા ૧૩ આના છે અને ટોપી લેવી છે, ટોપીનો ૧॥ રૂપિયો થાય છે તેથી પ્રથમ તેર આના આપી ફરીથી રૂપિયો રોકડો આપ્યો તો પાછું શું મળશે ?

૧૪—મારી પાસે અરધો રૂપિયો છે અને લલ્લુ પાસે ૩૭ પૈસા છે તો કોની પાસે વધારે અને કેટલું વધારે ?

૧૫—મારી પાસે રૂપિયાની બે આની છે, તેમાંથી ૬ બે આનીની પાવલી અને બાકીનીની આનીઓ લીધી તો કેટલા સિક્કા વધારે અથવા ઓછા થયા ?

૧૬—૩ પાવલીમા કેટલી પાઇ મળે તો રૂપિયો પુરો થાય ?

૧૭—૨૪ પૈસા અને ૨૪ પાઇની મારે રૂપા મહોર લેવી છે તો શુ મળે ?

૧૮— મેં ૧૦ રૂપિયાની પાઘડી લીધી અને વેપારીને ગીની આપી તો પાછું શુ આપે ?

૧૯—અરધા રૂપિયાની પાઇ કેટલી થાય ?

૨૦—નારણ પાસે હુ ૨॥ રૂપિયા માગતો હતો, તેણે બે રૂપિયા અને ૨ ઢબુ આપ્યા તો હવે શુ બાકી રહ્યુ ?

૨૧—મારા ગજવામાં ૧॥ રૂપિયો હતો તેમાંથી મણ કેરી લીધી અને ૧૧ આના પાછા લાવ્યો ત્યારે કેરીના કેટલા પૈસા બેઠા?

૨૨—એક અરધો, પાવલી, બેઆની, આની, ઢબુ, પૈસો, અધેલો અને પાઇ મારી પાસે હતાં અને ભાણાએ રૂપિયો માગ્યો તેથી બધું મેં આપી દીધુ તો તેના માગવા કરતાં શું ઓછુ મળ્યું ?

૨૩—મેં ૩ આનાની સ્લેટ લીધી અને એક આનાની કલમ લીધી.

બાકી મારી પાસે ૨૦ પાઇ રહે છે તો પ્રથમ મારી પાસે કેટલી પાઇ હતી ?

૨૪—એક કોથળીમાં અધેલા છે તેમાંથી બે આનાનાં .બૅાર અને આનાનાં કેળાં લીધાં તેથી બાકી ૧૦ અધેલા વધ્યા તો પ્રથમ કોથળીમાં કેટલા અધેલા હતા ?

૨૫—૨૦ રૂપિયાની બેઆની, પાવલી, અને અરધા કેટલા આવે?

૨૬—બાપાએ પાવલી આપી ત્યારે મારી પાસે ૨ રૂપિયા થયા ત્યારે પ્રથમ મારી પાસે કેટલા આના હશે ?

૨૭—ગીનીની પાવલી, બેઆની તથા અરધા લેવા હોય તો કેટ કેટલા આવે ?

૨૮—મેં ૨૦ રૂપિયાનું કબાટ અને ૩ રૂપિયાની ખુરશી લઇ બે ગીનીઓ સુતારને આપી તો પાછુ શુ મળશે ? સુતારે બધી પાવલી આપી તો કેટલી મળે ?

×૨૯—૧૦ રૂપિયાની પાઇ કેટલી આવે ? અધેલા કેટલા આવે ?

૩૦—મેં ઢબુનો ખડીઓ, આનીનું પાકીટ અને સાત આનાની ચોથી ચોપડી લીધી તો રૂપિયામાં કેટલા પૈસા ઓછા રહ્યા?

૩૧—તાંબાના સિક્કા બતાવો અને તેનાં નામ દો. રૂપાના સિક્કાનાં નામ દો.

૩૨—ઢબુનાં પાંચ લીબુ મળે છે તો બેઆનીનાં કેટલાં આવે ?

૩૩—આનીનાં ૯ જાંબુ મળે છે તો ૩૬ જાંબુનું શુ આપવું ?

૩૪—રૂપિયાનાં ૧૨ શેર પતાસાં મળે છે તો ૬ શેર પતાસાનું શું આપવું ?

×કોઇ પણ રકમને દશે ગુણવા હોય તો કહેલી સંખ્યા ઉપર મીડું ચડાવી દેવું.

३५—સોનાનો સિક્કો બતાવો. તેનું નામ દો. ઢબુની કિંમત જેટલો સોનાનો સિક્કો કેમ નહિ રાખ્યો હોય ?

३६—અરધો રૂપિયો અને ચાર પાઇની २० શેર ભાજી મળે તો २३ શેર ભાજીનું શું પડે ?

---

(११)

ધાતના સંબંધમાં.

१—એક પલ્લામા ૯ પૈસા મૂકયા છે તો સામા પલ્લામા કયુ કાટલુ મૂકવાથી બરાબર થઇ રહે ?

२—મારે २। શેર ઘી જોખવું છે. પણ ફકત બશેરનું કાટલું છે તો બીજા કેટલા રૂપિયા મૂકવા ? રૂપિયા ન હોય તો પૈસા કેટલા મૂકવા ?

३—એંકમાંથી २॥ શેરના કાટલાથી તોળીને મને રૂપિયા આપ્યા તો કેટલા આવ્યા હશે ?

४—મારે १। શેર ખાંડ જોખવી છે, પણ કાટલુ નથી તેથી ३० રૂપિયા અને બાકીના છુટા પૈસા મૂકી તોલ કર્યો તો પૈસા કેટલા મૂકવા પડયા હશે ?

५—મેં એક રૂપિયાનુ ઘી લીધુ તે જોખતી વખતે ધડો કરીને એક પલ્લામાં ३ શેરનું કાટલુ મૂકયું અને ઘીના વાસણ સાથે રૂપિયા २५ સામા મૂકયા તો ઘીનો ભાવ શો ?

६—દશ શેર ગોળ જોખવો છે પણ કાટલું ફક્ત १। શેરનું છે તો કેટલી વખત જોખવો ?

७—અઢીશેરીના કાટલા વડે ६ વખત તોલ કરતાં १॥ શેર બાજરી પડી રહે છે ત્યારે પ્રથમ બાજરી કેટલી હશે ?

૮—કાંટાના એક પલ્લામાં પાશેરો મૂકયો અને સામા પલ્લામાં ૧ નવટાંકું તથા ૨॥ રૂપિયા મૂકયા હવે કેટલા પૈસા મૂકે તો બને પલ્લાં બરાબર રહે ?

૯—૦॥—૦॥—૦।—૧। શેરના પૈસાભાર કેટલા થાય ?

૧૦—૧૭—૨૭—૩૦—૩૨ શેરના અચ્છેરા કેટલા થાય ?

૧૧—૫ શેરના રૂપિયાભાર કેટલા થાય ? ૩૦૦ રૂપિયાભારે કેટલા શેર થાય ?

૧૨—૦॥ મણનાં નવટાક કેટલાં ? અધોળ કેટલાં ? રૂપિયાભાર કેટલાં ?

૧૩—૬૦ શેર તમાકુ અધમણીઆની જોખતાં કેટલી વખત તોલ કરવો પડશે?

૧૪—હુ પંદર શેર અને છગન ૫ શેર ભાર ઉપાડી શકે છે. અમે બંને, ઉપડે તેટલા રૂપિયા દુકાનેથી લાવ્યા તો કેટલા રૂપિયા આવ્યા હશે ?

૧૫—મારી પાસે ૧૮ પૈસા હતા અને મોટાભાઇએ છુટા આપ્યા એટલે બધા મળી ૧૮ આના થયા તો મારી પાસે કેટલો ભાર વધ્યો ?

૧૬—મારે દશ મણ ઘઉં લેવા હતા, અધમણીઆથી ૩ વખત જોખ્યા એટલામાં દોરી તુટી ગઇ તેથી બાકીના ૧૦ શેરી વડે નાના પલ્લાથી જોખ્યા તો ૧૦ શેરીની કેટલી ધારણ થઇ?

૧૭—એક રૂપિયાનું ૪। શેર તેલ મળે છે તેનો ધડો કર્યા પછી સામા પલ્લામાં ૪ શેરી મૂકી હવે કેટલાં અધોળાં મૂકવ જોઇએ?

૧૮—પાંચ નવટાંક ઘી હતું તેમાંથી ૨॥ રૂ. ભાર મેં ખાધુ અને

અધોળ ઘી બિલાડી ચાટી ગઇ તો હવે કેટલા શેર રહ્યું ? કેટલા રૂપિયાભાર ? કેટલા પૈસાભાર ? કેટલાં અધોળ ?

૧૯—મારી પાસે ૨૦૦ રૂપિયા હતા અને ૧૦૦ મોતીભાઇએ આપ્યા તો હવે કેટલો ભાર થયો ?

૨૦—એક પલ્લામાં ૪૫ પૈસા મૂકયા છે તો સામા પલ્લામાં કેટલા રૂપિયા મૂકવાથી સમતોલ થાય ?

૨૧—અઢીશેરીના કાટલાથી ૧૬ વખત તોળીને રૂપિયા લીધા તો તેનું વજન કેટલું થશે ?

---

(૧૩)

૨૨—અધોળ અધોળના કેટલા ખીલા એકઠા ટીપાવુ તો ૨ા શે-રીનું કાટલું થાય ?

૨૩—પાંચ રૂપિયા ભારનો એક એવા ૩૨ ખીલા એકઠા ટીપાવું નો તે કયું કાટલું થાય ?

૨૪—મારે ૨ા શેર ઘી લેવુ છે પણ ૨ શેરમાએ ૨ા રૂપિયા સામા વાળવા પડયા તો હવે કેટલુ અધોળ ઘી બાકી રહ્યું?

૨૫—પાચ અધોળ ઘી લેણું હતુ તે લેવા ગયો ત્યારે પાશેરો લઇને ગયો અને બીજા છુટા પૈસા મૂકયા છે તો કેટલા પૈસા જોઇએ?

૨૬—૭ મણુની પાંચશેરી, અઢીશેરી કેટલી થાય ?

૨૭—મણુનાં અધોળા, નવટાંકાં, અચ્છેરા, પાશેરા કેટલા ?

૨૮—૩ રૂપિયાભાર વધારે કે ૪૮ પૈસાભાર એ બેમાં કેટલો ફેર?

૨૯—ઘી ૨ા શેરનું વેચાય છે મેં ઘડો સમતોલ કરાવ્યો તો ૨૧ શેર થયો તેમાથી ઘી કાઢી લેઇ ઘડો જોખ્યો તો ૩ા શેર થયો તો કેટલા રૂપિયા આવશે ?

૩૦—મજુરને ૧ાા મણ ચોખા ચડાવ્યા રસ્તામાં કોથળો ફાટેલો હોવાથી વેરાયા તેની તેને માલમ પડી નહિ, ઘેર આવી અઢીશેરીના કાટલાથી જોખતાં ૨૩ ધારણ થઇ તો ચોખા કેટલા રૂપિયાભાર વેરાયા ?

૩૧—એક રૂપિયાનું ૫ શેર તેલ મળે છે, તો ૨ા મણના કેટલા રૂપિયા થાય ?

૩૨—૩ શેર ખાંડમાથી ૧૨ અધોળ ચામા નાંખી તો બાકી કેટલા પાશેર રહી ?

૩૩—૨૦૮ નવટાંક ખાંડ હતી તેમાથી ૦ાા મણ વેચી દીધી તો બાકી કેટલા અચ્છેર રહી ?

૩૪—૧૪૪ માણસ જમવા બેઠાં અને ૪ પાછળ જમનાર છે તે દરેકને અધોળ ઘી મૂકવુ હોય તો કેટલું જોઇએ ?

૩૫—એક વેપારીના કાટલાપર ૪ અધોળ લોઢું ચોટાડી બશેરી કરી આપી તો તેનુ મૂળ કાટલું કેટલું હતું ?

૩૬—મેં કાટલાનો સટ લીધો તેમાં એક બશેરી, એક શેર, એક અચ્છેર, એક પાશેર, એક નવટાંક અને એક અધોળી છે તે બધા એક પલ્લામાં મૂકી ગોળ જોખ્યો તો ૪ શેરમાં કેટલો ઓછો રહ્યો ?

૩૭—૪૦ રૂપિયાને બદલે ઢબુ મુકી મધ જોખ્યુ તો શેર કરતા કેટલુ વધારે અથવા ઓછુ થયુ ?

૩૮—૦ા, ૦ાા, ૧ા, ૧ાા, ૧ાાા, ૨ા મણની અઢીશેરી કેટલી ?

૩૯—દરેક છોકરાને ૧ા રૂપિયો આપ્યો એવા ૨૪ છોકરા પોતાને મળેલી રકમ એકઠી ગળાવી તો તેનુ કેટલું વજન થયું હશે ?

૪૦—હું રૂપિયા મૂકી રૂપાનાં કસ્સાંનો તોલ કરતો હતો. સોનીએ ૫૦ રૂપિયા કાઢી તેને બદલે એક પિત્તળનું કાટલું મૂક્યું તો તે કાટલાનું નામ શું ?

૪૧—૨૨ાા પૈસાભાર રેવડી હતી તે મેં કાટલાંથી જોખી તો કેટલી થઇ હશે ?

૪૨—હું રૂ. ૧ નું ૨ાા શેર ઘી લાવ્યો તેમાંથી ૩ અધોળ છાશ નિકળી તો ચોકખું ઘી શા ભાવે પડે ?

ધાત.

શેરની.

૨ાા રૂપિયા ભારે ૧ અધોળ.	૪ાા પૈસા ભારે ૧ અધોળ
૫ રૂપિયા ભારે ૧ નવટાંક	*૯ પૈસા ભારે ૧ નવટાક
૧૦ રૂપિયા ભારે ૦। શેર.	૧૮ પૈસા ભારે ૦। પાશેર.
૨૦ રૂપિયા ભારે ૦ાા શેર.	૩૬ પૈસા ભારે ૦ાા શેર
૩૦ રૂપિયા ભારે ૦ાાા શેર	૫૪ પૈસા ભારે ૦ાાા શેર.
૪૦ રૂપિયા ભારે ૧ શેર.	૭૨ પૈસા ભારે ૧ શેર.
૫૦ રૂપિયા ભારે ૧। શેર.	શેરના અચ્છેરા ૨
૬૦ રૂપિયા ભારે ૧ાા શેર.	શેરના પાશેરા ૪
૭૦ રૂપિયા ભારે ૧ાાા શેર.	શેરના નવટાંકા ૮
૮૦ રૂપિયા ભારે ૨ શેર	શેરના અધોળાં ૧૬
૯૦ રૂપિયા ભારે ૨। શેર.	શેરના રૂપિઆ ભાર ૪૦
૧૦૦ રૂપિયા ભારે ૨ાા શેર.	શેરના પૈસા ભાર ૭૨

* ટાંક=પૈસાભાર એ ઉપરથી નવ+ટાંક=નવ પૈસાભારનું કાટલું હાલના પૈસા જૂના પૈસા કરતાં વજનમાં ઓછા છે.

મણની ધાત.

મણના અધમણીઆ	૨		૧૦ શેરે	૦।	મણ.
મણના દશશેરા	૪		૨૦ શેરે	૦।।	મણ.
મણની પાંચશેરી	૮		૩૦ શેરે	૦।।।	મણ.
મણની અઢીશેરી	૧૬		૪૦ શેરે	૧	મણ.
મણની સવાશેરી	૩૨		૫૦ શેરે	૧।	મણ.
મણના શેર	૪૦		૬૦ શેરે	૧।।	મણ.
			૭૦ શેરે	૧।।।	મણ.
			૮૦ શેરે	૨	મણ.
			૯૦ શેરે	૨।	મણ.
			૧૦૦ શેરે	૨।।	મણ.

ધોરણ ૩ જું

સંખ્યા સંબંધી.

૧—બસો મણકામાંથી દશ દશની કેટલી થોકડી બંધાય ?

૨—મેં ૭૫ દશકા લઇ છોડી નાખ્યા હવે બધા મણકા ગણું તો કેટના સાય ?

૩—મારી પાસે ૭ છુટા મણકા હતા, કેશવ પાસે ૯ સતક હતા અને મંગુ પાસે ૪ દશક હતા એ બધા એકઠા કરીએ તો કેટલા થાય ?

૪—સો સોની ૫ થોકડીમાંથી દશ દશની કેટલી બંધાય ?

૫—૩૩૩ એમા કયા તગડાની કિંમત વધારે ! ૩૩૪ ઉપર એકડો મૂકું તો કઇ રકમ થાય ?

૬—૪૭ દશકમાથી સો સોની કેટલી થોકડી બધાય ?

૭—૧૬૫ પૈસામાં કેટલા નાખું તો બસો પુરા થાય ?

૮—સો સોની ૮ કોથળીઓ છોડી તેમાંથી દશ દશની નાની કોથળીઓ નિકળી તો તે કેટલી હશે ?

૯—૮૫૦ રૂપિયા હતા તેમા બીજા કેટલા ઉમેરવાથી ૧૦૦૦ થાય?

૧૦—મોટામા મોટી ત્રણ આકડાની સંખ્યા બોલો. નાનામા નાની ત્રણ આકડાની સંખ્યા બોલો.

૧૧—આંકડા કેટલા છે ? તેની કિંમત શા પર આધાર રાખે છે?

૧૨—અંકસ્થાન કેટલાં છે? સૌથી નાનું અને સૌથી મોટુ અં-કસ્થાન કયુ ?

૧૩—આપણે સરવાળો કરતી વખતે રકમો કેવી રીતે ગોઠવીએ છીએ?

૧૪—સરવાળાની રકમોના આંકડા કઇ તરફથી સરખા રાખીએ છીએ ?

૧૫—૧૭૯૦ મા કેટલા નાખું તો ત્રણ હજાર થાય?

૧૬—૪ હજાર માણુસ હતાં તેમાંથી થોડાં મુંબાઇ ગયાં અને બાકી ૨૫ સો રહ્યાં તો મુંબઇ કેટલાં ગયાં?

૧૭—પોણોસો અને પોણીસો એ બેમાં શો તફાવત છે? પંદર વધારે કે પોણા પંદર? §પોણો એટલે કેટલા?

૧૮—સાડી બાવીસો પુળામાંથી કેટલા વેચી દઊં તો દોઢ હજાર રહે? દોઢ હજાર બીજી રીતે બોલી બતાવો.

૧૯—સરવાળો કરતી વખતે વદી અથવ વધ્યા ગણીએ છીએ તે શું?

૨૦—૨૭૦૦ મણકામાંથી સો સોની કેટલી માળા બંધાય?

૨૧—પોણા બસો કેમ લખાય? સાડા ત્રણસો, સવા નવસો કેમ લખાય?

૨૨—આ તાલુકામાં ૬૫ ગામ છે દરેક ગામમાંથી ૨૪ રૂપિયા લઇએ તો કેટલા થાય?

૨૩—એક પુસ્તકમાં છવીશસો લીટી છે દરેક પાનામા ૫૦ લીટી છે તો પાનાં કેટલાં?

૨૪—૫૨ ગાલ્લામાં થઇને અઢોતેરસો કેરી નિકળી તો ૧ ગાલ્લાની કેટલી?

૨૫—સાડાસત્તરસો દાડમનાં સાત ગાલ્લા ભરાયાં તો ૨૮ ગાલ્લાનાં કેટલાં દાડમ થાય?

---

§પોણો=પા ઉણો=એકમાં પા ઓછો તેજ પ્રમાણે પોણા પાંચ વગેરે

(૨)
પોણાના આંક સંબંધી.

૧—પોણા રૂપિયાની એક મણ જુવાર મળે છે તો ૮ મણનું શુ આપવુ ?

૨—૩ાા રૂપિયા છે તેના સરખા પાંચ ભાગ કર્યા તો એક ભાગ કેવડો થયો ?

૩—બાર માણુસ જમનાર છે અને બાસુદી ૯ શેર છે તો દરેકને કેટલી આપવી ?

૪—એક સુથારને પોણો રૂપિયો રોજ મળે છે તેને ૧૫ દિવસનુ શું આપવુ ?

૫—મેં ૪ પાનાં લખવામાં ૩ કલાક લીધા તો ૧૮ પાનાં લખવામાં કેટલો વખત લાગે ?

૬—૨૧ હાથ મશરૂના ૧૫ાા રૂપિયા પડે છે તો ૭૨ રૂપિયામાં કેટલો મશરૂ આવે ?

૭—૧૬ા મથી ૦ાા લઉ તો કેટલા રહે ? ૦ાા ઉમેરૂ તો કેટલા થાય ? કેટલી વખત ૦ાા લેવાથી ૧૮ થાય ?

૮—૧૯ાા મણ ઘીમાંથી ૭ જણને દરેકને પોણો પોણો શેર આપ્યુ તો બાકી કેટલું રહ્યુ ?

૯—પોણો શેરના રૂપિયાભાર કેટલા ? પોણોશેર કંકુ જોખવુ છે અને કાટલુ કાંઇ નથી પણ ૫ રૂપિયા છે તો તેનાથી કેટલી વખત જોખવુ પડશે ?

૧૦—અઢીશેર મધનો ૦ાા રૂપિયો બેસે છે તો ૨ાા મણનુ શુ પડે?

૧૧—એક તાકામાં ૪૨ ગજ કપડું આવે છે તેમાથી દરેકને ૦ાા ગજ આપીએ તો કેટલા ભિખારીને અપાય ?

૧૨—એક રબારીએ ૩૩ બકરાં દોહ્યાં ત્યારે ૨૪॥ શેર દૂધ મળ્યું તો એક બકરીનું કેટલું ?

૧૩—ડઝન પેન્સિલના ૯ આના પડે છે તો ૩૮ પેન્સિલનું શું પડે?

૧૪—નવટાંક મરીના ૭॥ રૂપિયા પડે છે તો ૬ રૂપિયાનાં કેટલાં આવે ? ૬ રૂપિયાભારનું શું પડે ?

૧૫—અરધા રૂપિયાનું ૰॥ શેર ઘી મળે છે મારે ૨૭ શેર લેવું છે તો કેટલા રૂપિયા બેસશે ?

૧૬—સવાબશેર દુધીના ૩ આના પડે તો ૫ રૂપિયાની કેટલી દુધી આવે ?

૧૭—૨। રૂપિયાની ૪ ડઝન પેન્સિલ મળે છે તો ૯ પેન્સિલનુ શું આપવું ?

૧૮—નાતમા ૮૦ ઘર છે દરેક ઘેર ०॥ શેર વજનની પિતળની થાળીનુ લાણું કર્યું તો થાળીઓનું વજન કેટલું ? અને પિતળ ૨૩ રૂપિયે મણ મળ્યું તો કેટલા રૂપિયા ખરચ થશે ?

૧૯—ધા કાગળના ૪॥ આના પડે છે તો ૬૦ કાગળનું શુ આપવું?

૨૦—દોઢ રીમ કાગળના ૨૨॥ આના પડે છે તો ૯૫ ઘાનું શું પડશે ?

૨૧—૧૧ પૈસાના ૨૪॥ શેર મુળા મળે છે તો ૮૧ પાઇના કેટલા મળે ?

૨૨—મણ દૂધના ૧॥= પડે છે તો ૨। મણ દૂધનું શુ પડશે ?

૨૩—એક લોટા દૂધની ०॥ શેર બાસુદી ઉતરે છે તો ૬૯ માણુને બાસુદી જમાડવાને કેટલા લોટા દૂધ જોઇએ ? એક માણસ ૧ શેર બાસુદી ખાઇ શકે છે.

૨૪—૪૪ મહિનામાં ૩૩ સો રૂપિયા શિલક થયા તો ૫ વરસમાં કેટલા રૂપિયા થાય ?

૨૫—હું હમેશાં ૦ાા હાથ મશરૂ વણી શકું છું તો ૬ પખવાડીઆમાં કેટલો વણાય ?

૨૬—એક ભેંસનું હમેશાં ૦ાા શેર ઘી થાય છે તો તેનું ૪ મહિનામાં કેટલું ઘી થશે ?

૨૭—૩૮ા માં ૦ાા ઉમેરૂ તો કેટલા થાય ? કેટલા પોણું ૩૯ ?

૨૮—૫૬ પૈસાની ૧ મ. ૨ શેર ભાજી મળે છે તો ૧૧ રૂપિયાની કેટલી આવે ?

૨૯—૨ આનાનાં ૧૮ બોર મળે છે તો ૭૪ પાઇના કેટલા મળે?

૩૦—૬૧ દિવસમાં ૪૫ાાા મણ અનાજ જોઇએ છીએ તો ૬૬ મણ અનાજ કેટલા દિવસ ચાલે ?

૩૧—પોણા રૂપિયાની ૨ાા શેર સુંઠ મળે છે તો ૧ાાા મણનુ શું બેસે ?

૩૨—હું હમેશા એક રૂપિયો પેદા કરૂ છુ તેમાંથી પાવલી વીશીવાળાને આપુ છુ તો ૨ાા મહિનામાં મારી પાસે કેટલી શિલક થશે અને વીશીવાળાને કેટલા અપાશે ?

૩૩—ઘીનો ડબો ભરેલો છે તે ૨ાા શેરને ભાવે વેચ્યુ તો ૧૨ રૂપિયા ઉપજ્યા ત્યારે ૦ાા શેરને ભાવે વેચ્યુ હોત તો કેટલા રૂપિયા ઉપજત ?

૩૪—૭૭ વિદ્યાર્થી છે તે દરેકને અધેલીનુ પાકીટ તથા પાવલીની સ્લેટ આપવાં હોય તો કેટલું ખરચ આવે ?

૩૫—એક કોઠારમાં જુવાર હતી તે દોઢ મણની વેચતા ૪૪ રૂપિયા ઉપજે છે ત્યારે ૦ાા મણની વેચું તો શું ઉપજે ?

૩૬—૪૬ મણ ડાંગરના ૩૪ાા રૂપિયા બેસે છે તો ૭૩ મણનું શું બેસે ?

૩૭—૯૦×૦ાાા ? ૬૭×૦ાાા ? ૫૦×૦ાાા ? ૩૭×૦ાાા ? ૨૫×૦ાાા

૩૮—એક મજુરને ૦ાાા મણ વજન આપી શકાય છે તો ૬૯ મણ વજન ઉચકવાને કેટલા મજુર જોઇએ ?

૩૯—૯૬ રૂપિયાની ૭૨ મણ બાજરી આવે છે તો ૨૭ મણનું શું આપવું ?

૪૦—૧૧ આનાનાં ૮ા સો જાંબુ મળે છે તો ૧ા રૂપિયાનાં કેટલાં આવે ?

સવાયાના સંબંધમાં.

૧—મારી પાસે ૦ાાા કાગળ હતો અને કેશવ ૦ાા આપ્યો તો કેટલો થયો ? કેટલી વખત ૦ા લેવાથી ૧ા થાય ?

૨—મેં ૧ા રૂપિયાની સાકર લીધી પણ રોકડા રૂપિયા છે તો વેપારીને શુ આપુ ? હું જે આપુ તેમાથી મને શું પાછુ આપશે ?

૩—સવાશેર ઘી હતુ અને બીજુ ૧૦ નવટાંક આવ્યુ તો કેટલું થયું ?

૪—પાંચશેર ચોખા સવાશેરીના કાટલાથી જોખવા હોય તો કેટલી વખત જોખવા પડે ?

૫—મારી પાસે પા મણ તમાકુ છે અને સવાશેરની ખપે છે તો કેટલા રૂપિયા ઉપજશે ?

૬—૧૦ શેરમાં સવાશેર બીજી ઉમેરૂં તો કેટલી થાય ? ૧ા શેર લઇ લઉં તો કેટલી રહે ?

૭—પાંચ પૈસાનું એક દાડમ મળે છે મેં ૯૬ દાડમ લીધાં તો કેટલા રૂપિયા આપવા ?

૮—એક રૂપિયાના ૨૫ વાંસ મળે છે તો ૯૨ રૂપિયાના કેટલ આવે ? (૧ા કોડી=૨૫).

૯—પાચ પૈસાની ૧૨ પેનો મળે છે તો ૮૦ પેનનુ શુ પડે?
૧૦—૧। રુપિયાનાં ૧૬ સંતરાં મળે છે તો ૮૯ સંતરાનું શું આપવુ? (રૂ૧।=૨૦ આના)
૧૧—૨।। રુપિયાની ૩૨ શેર તમાકુ મળે છે તો ૨ મણ તમાકુનું શું આપવુ?
૧૨—૧૫ દિવશમાં ૧૮।।। રુપિયા ખરચ થાય છે તો ૧૦૦ રૂ. કેટલા દિવસ ચાલશે?
૧૩—કેટલી વખત ૧। લઈ તો ૧૧૩।।।, ૧૦૧।, ૭૩।।।, ૫૦, ૩૫ થાય?
૧૪—૧।। મણ તુવેરો તોળવી છે તો સવાશેરીના કાટલાથી કેટલી વખત જોખવી પડે?
૧૫—૧।। રૂના ૦।। મણ ચોખા મળે છે તો ૮૭ શેર ચોખાનું શુ આપવું?
૧૬—૧ કેરીના ૫ પૈસા પડે છે તો ૮૬ કેરીનુ શુ પડશે? અને ૬। રુપિયાની કેટલી કેરી આવે?
૧૭—સાડાસાત આનામાં ૨૪ બટન મળે છે તો ૮૨ બટનનુ શુ આપવું?
૧૮—રૂ. ૨–૩ આનામા ૨૮ મણ વજન ઉપડાવી શકાય છે તો ૮૧ મણ વજનનુ શું ભાડું પડે?
૧૯—એક મહિનામાં ૩।।। તોલા અનાજ જોઇએ છીએ તો ૭૬ દિવસમા કેટલું જોઇએ?
૨૦—એક રુપિયાનુ મણુ ઘાસ મળે છે મારી પાસે ૭૫ ઢણુ છે તેનુ કેટલું મળશે?
૨૧—૧૧ પૈસામાં ૧૧। શેર મૂળા મળે છે તો મને ૬ આનાના કેટલા મળશે?
૨૨—૨ રૂ. ૨ આનામાં અઢીશેરીનાં ૧૭ કાટલાં મળે છે તો ૪

રૂપિયામાથી કેટલાં મળે તેનું વજન કેટલું ?

૨૩—૩૫ બકરીનુ ૧ મ. ૪॥ શેર દૂધ થયુ તો ૭૦ બકરીનું કેટલું થાય ?

૨૪—૪૫ રૂપિયામા ૪૬ કુકડી મળે છ તો ૬૮ કુકડીનું શું આપવું ?

૨૫—એક હાથ લુગડું વણવાને સવા શેર સુતર જોઇએ તો ૬૪ હાથ લુગડાનું વજન કેટલું થશે ?

૨૬—એક છોકરો ૧૨॥ શેર વજન ઉચકી શકે છે તો ૬૬ છોકરા મળી કેટલો બોજો લાવશે ?

૨૭—૧૧। પૈસાભાર મોતીનો ૧ રૂ. બેસે તો ૬૪ રૂપિયાનાં કેટલાં મોતી આવે ?

૨૮—એક ટોપલી કેરીના ૫ આના આપવા પડે છે તો ૬૦ ટોપલીનું શું પડે ?

૨૯—૩૮ દિવસના ૪૬॥ રૂપિયા એક મિસ્ત્રીનો પગાર થયો તો ૨ મા. ૭ દિ. નું શુ આપવું ?

૩૦—૨ કોડી વાંસના રૂ. ૩—૨—૦ પડે છે તો ૬૫ વાંસનું શુ આપવુ ?

૩૧—૪૧ મકાનનું ભાડું ૫૧। રૂપિયા ઉપજે છે તો ૮૬। રૂ. ભાડું લેવાને કેટલાં મકાન ભાડે આપવાં ?

૩૨—૧ મ. ૨ શેર મીઠાના ૫૨॥ પૈસા પડે છે તો ૧। રૂપિયાનુ કેટલુ આવશે ?

૩૩—૫૫ પેંડા હોય તો ૪૪ છોકરાને વહેંચાય એવા રીતે ૬૨ છોકરાને આપવાને કેટલા પેંડા જોઇએ ?

૩૪—મેં ૪૫ ટોપીઓ લઇને ૪ ગીની આપી તેમાથી ૩॥ રૂ. પાછા આવ્યા તો ૧ ટોપીની શી કિમત ?

૩૫—મારી પાસે રૂ. ૨ાા= છે તેની કેરીઓ લીધી તો ૬ તોલામાં ૨ાા શેર ઓછી આવી ત્યારે ૩ાા રૂપિયાની કેટલી આવે?

૩૬—૧૧ાા રૂપિયાની સાકર લીધી તો ૩ અધમણીઆમાં ૧ા શેર ઓછી આવી ત્યારે ૧૪ા રૂપિયાની કેટલી આવે?

૩૭—૫૮ાા રૂપિયા મારી પાસે હતા પાવલી પાવલીનાં પાકીટ લઈને દરેકમાં એકેકો રૂપિયો મૂકી—૩૨ બ્રાહ્મણોને આપ્યાં તો હવે કેટલા રૂપિયા રહ્યા?

૩૮—એક જાત્રાળુને ગાડીભાડામાં ૭૨ રૂપિયા ખુટતા હતા. મેં તેટલી કિંમત ઉપજી રહે તેટલાં માટે દોઢ દોઢ રૂપિયાની કિંમતના ટ્રંક આપ્યા પણ તેણે તે બધા હરરાજ કર્યા તો દરેકનો ૧ા રૂ. ઉપજ્યો તો હવે તેને કેટલા રૂ. ખૂટે?

૩૯—ચંચળ બેનને ૧૨ા રૂપિયાનો ખપ હતો પણ મારી પાસે પૈસા નહોતા તેથી દરેક પાવલાની કિંમતની ચુંદડીઓ આપી તેણે તે દરેક ૧ા રૂપિયે વેચી તો મારા ધારવા કરતાં શુ વધારે ઉપજ્યું?

૪૦—૧ાા મ. ૨ાા શેર જવના ૧૨ાા. આના બેસે તો અરધા રૂપિયાના કેટલા આવે અને બજાર ભાવ શો થયો?

ધાત અને કોષ્ટક સંબંધી.

૧—મે પાંચ મણ દૂધ લીધુ તે એક પાંચશેરના માપથી ભરી આપ્યુ તો કેટલા માપ થાય?

૨—મારી પાસે ૭૨ મણ ચોખા હતા તેમાંથી ૨૨ સાધુને દોઢ-શેર પ્રમાણે અને ૨૨ નાનાં છોકરાંને ૦ાા શેર પ્રમાણે આપ્યા તો હવે મારી પાસે કેટલા રહ્યા?

૩—૩ાા મણની પાચશેરી, ચારશેરી, બશેરી અને સવાશેરી કેટલી થાય ?

૪—એક વેપારીએ દશશેરા વતી મને ૨ મણ તલ જોખી આપ્યા, ઘેર લાવી જોખ્યા તો ૧ શેર ઘટયા ત્યારે તેનું કાટલું કેટલું ઓછું હશે ?

૫—મેં ૪૦ લોટા દૂધ લીધુ પછી ઘેર આવી માપી જોયું તો ૬૬ શેર થયુ ત્યારે લોટાનું માપ કેટલું ?

૬—એક દુકાનેથી મેં ૦ાા મણ ચણા લીધા. મેં ઘેર આવી જોખ્યા તો ૨ાા તોલાં થયાં ત્યારે કાટલું કયુ હશે ?

૭—દરમણે ૨ શેર ગોળ વધારે આપવાનો રિવાજ છે. મેં ૪ રૂપિયાનો મણ પ્રમાણે ગોળ લીધો. તો ૧ રૂપિયાનો કેટલો મળ્યો ?

૮—૧૦ મણ ખીચડી લીધી તેમા ૦ાા મણ દાળ અને ૦ાાા ચોખા એ પ્રમાણે લીધાં તો દાળ કેટલી અને ચોખા કેટલા?

૯—મેં દશશેરાવતી તોળાવી ૨૫ મણ ઘઉં લીધા. દરેક વખતે ૧ રૂપિયાભાર નમતા જોખ્યા તો મારે કેટલા ઘઉં વધારે આવ્યા ?

૧૦—મેં ખાંડનું મોરસ જોખાવવા માંડયુ સામા પલ્લામાં ૪ મણીઆં મૂકયાં પણ તે ન ખમવાથી ખાંડ તરફ ૧ દશશેરો, ૧ પાંચશેરી, ૧ અઢીશેરી, ૧ સવાશેરી, ૧ શેર મૂકવાં પડયાં તો ખાંડનું વજન કેટલુ અને મણના ૫ રૂપિયા લેખે શું આપવુ ?

૧૧—મેં ઘર દીઠ રૂ. ૧ નુ ઘી લઇ એકઠું કયુ ભાવ ૩ શેરનો ચાલતો હતો ત્યારે ૧૭ રૂપિયાનું મ. ૧ા—૨)-- ઘી એકઠું કર્યું તો દરેક ઘેરથી ભાવ કરતાં કેટલું વધારે લીધું ?

૧૨—મારા ટ્રંકનું વજન ૬ શેર છે તેમાં રૂપિયા ભરી પછી જોખ્યો તો ૧ મણ વજન થયુ ત્યારે ટ્રંકમાં રૂપિયા કેટલા?

૧૩—મારી પાસે પતરાની પેટી છે તેનું વજન ૩ શેર છે અને તેમાં છુટા પૈસા ભરી જોખુંછું તો ૧૩ શેર થાય છે ત્યારે તેમાં પૈસા કેટલા રહેતા હશે?

૧૪—મારે ૧ શેર બદામ લેવી હતી તેનો ભાવ રૂ. ૧)= શેર હતો મને ૪૦ ઢબુ ભારોભાર બદામ જોખી આપી તો ખરી રીતે તેને કેટલા પૈસા વધારે આપવા જોઇએ?

૧૫—કપાસ મણીકાથી અને અનાજ દશશેરાથી તોગવાનો વહી-વટ છે, એક દરબારને ૫૦ મણ કપાસ અને ૫૦ મણ બાજરી નીપજી તેની દરેક ધારણુ ઉપર ૦। પાઇ ધર્માદા આપી તો ધર્માદામાં શુ આપ્યુ?

૧૬—એક ગામમાં પગીને દરેક ખેડૂત ૫ શેર અનાજ આપે છે તેને ૧૫ મણ અનાજ મળ્યું તો ખેડુત કેટલા હશે?

૧૭—એક વેપારી પહેલી વખત ૦। શેર ઓછુ અને બીજી વ-ખત તેટલુંજ વધતુ આપે છે. મે ૧। મણ ઘઉ દશશેરના કાટલાથી તોળાવી લીધા. તો કેટલા વધતા આવ્યા અથવા ઓછા આવ્યા? જો ૨।। મણ લીધા હોત તો કેટલા ઓછા આવત?

૧૮—૯ આને વાર બનાત મળે છે મારે ૨ ફુટ ૫ ઇંચનો ખપ છે તો કેટલા પૈસાની લેવી?

૧૯—એક ગજનો ૧ રૂપિયો ભાવ ઠરાવી મેં અઢી ફુટ મશરૂ લીધો તો કેટલા પૈસા આપુ?

૨૦—મેં ૫।। ગાસડી કાગળ લીધા અને આનાના ધા પ્રમાણે વેચ્યા તો કેટલા રૂ. ઉપજ્યા?

૨૧—આખું રીમ લઇએ તો રૂ. ૧–૯ નું મળે છે અને છુટક દોઢ આને ઘા ખપે છે તો ૪ રીમ વેચવાથી શો નફો ?

૨૨—૯ રૂપિયે એક ગ્રોસ ઠરાવી માંહેથી ૪ ડઝનનું શુ આપવું?

૨૩—મેં સોનીને ૩ ગદીઆણા સોનું વીંટી કરવા આપ્યુ વીંટી તૈયાર થયે આપેલ સોના કરતાં બેઆનીભાર ઓછી થઇ તો વીંટીનું વજન કેટલું ?

૨૪—એક વાટકીમાં ૧૦૦ ચણોઠી રહે છે તેવી ચાર વાટકી ભરી એક પલ્લામા મૂકી અને સામા પલ્લામા ૪ તોલા સોનું મૂકયું ત્યારે કેટલી ચણોઠી કાઢી લેવાથી સમતોલ થશે ?

૨૫—એક પહોર દિવસ ચડતા સુધી મારે વાંચવાનો નિયમ છે પણ આજે ૨ા કલાક વાંચીને ગામમાં ગયો પણ સવારે જેટલો ટાઈમ ગુમાવ્યો હતો તેથી બમણો વખત રાત્રે વાંચ્યુ ત્યારે રાત્રે કેટલા કલાક વાંચેલુ ?

૨૬—એક અઠવાડીઆના કલાક કેટલા ? ઘડી કેટલી? પહોર કેટલા?

૨૭—હું બાર વાગે વૈદરાજને મળ્યો તેમણે કહ્યુ કે હવે ૧ ઘડી અને ૫ પળ પછી આ દવાથી આરામ થશે, તો કેટલા વાગે આરામ થશે ?

૨૮—બાર મિનિટ અને ૧૨ ઘડી એ બેમા કેટલો તફાવત રહેછે?

૨૯—મારા શેઠની દુકાને ૨૫ પળ પછી જવાનો મને હુકમ હતો પણ હું સમજ્યો નહીં તેથી ૨૫ મિનિટે ગયો તો કેટલો મોડો પડયો ?

૩૦—એક સોટીને ત્રણ ત્રણ ઇંચની કાતળી છે, તે સોટાની ૮ કાતળી બહાર દેખાય છે અને તેથી સવાગણી જમીનમાં દટાયલી છે તો સોટીની લંબાઇ કેટલી ?

૩૧—૩।।। રૂપિયે કોડી વળીઓ ઠરાવી મેં રૂ. ૫।= ની લીધી તો કેટલી આવી હશે ?

૩૨—એક પડીકામાં મેં ૯ બે આનીઓ મૂકી હતી તે કાઢી લઇ તેને બદલે કોઇએ પાઇઓ બાંધી તો મને કેટલું નુકશાન થયુ?

૩૩—પેટીના એક ખાનામાં અધેલા અને બીજામાં પાવલી છે. હવે ૭ આનાના અધેલા લેવા એક માણસ આવ્યો અધેલાને બદલે પાવલીના સિક્કા આપવાથી કેટલુ નુકસાન થયુ?

૩૪—એક શેઠે પોતાના ગુમાસ્તાને ૫૦ અડધીઆં આપી પરચુરણ લેવા મોકલ્યો, ગુમાસ્તો અરધાને બદલે પાવલી એઆની, આની, ઢબુ, પૈસો, અધેલો અને પાઇ એમ બધા સિક્કા લઇ આવ્યો તો તેથી એને શું ઓછુ આવ્યુ?

૩૫—મારે એક બેડીઊં તલ લેવા હતા પણ ૯૦ તોલા થયા તો કેટલા ઓછા રહ્યા? અને ૧ મણ તલના ૫ રૂ. ભાવ છે તો કેટલા રૂ આપવા?

૩૬—મેં એક ગાલ્લી મગ લેઇ તેમાંથી મોટો હારો વેચ્યા, ૧૫ તોલા મંદીર મોકલ્યા તો બાકી કેટલા રહ્યા?

૩૭—મારી પાસે ૧।। કળશી જુવાર હતી ૦। ગાલ્લી અને ૦। બેડીઉ સળી ગઇ તો બાકી કેટલી રહી?

૩૮—હુ ૫ રૂપિયા લઇ બજારમાં ગયો અને પોણા પોણા રૂપિયાની ૫ ટોપી લાવ્યો તો હવે મારી પાસે શુ રહ્યુ?

૩૯—એક બાગમા ૨૫ કયારા છે, દરેક કયારામા ૪ દાડમના છોડ છે. દરેક છોડ પરથી (મહીને) ૧૬ દાડમ ઉતરે છે અને દરેક દાઢમના ચાર પૈસા ઉપજે છે તો તેની દર મહીનાની પેદાશ કેટલી?

૪૦—એક શેઠને ત્યાં પાંચ સુતાર ૫ કડીઆ અને ૧૦ મજુર કામ કરે છે. સુતારનો રોજ ૧। રૂ., કડીઆનો ૧ રૂ. અને

મજુરનો ๐॥ રૂ. છે તો તેમને આપવા દરરોજ કેટલા રૂપિયા જોઇએ ?

૪૧—સરકારે ૮૦ બળદ મંગાવ્યા તેના રૂ. ૪૦૦૦ ખરચ આવ્યુ હવે દરેક ખેડુતને એકેકો આપ્યો તો ખેડુત પાસેથી કેટલા રૂ. લેવા ?

૪૨—વીંટી કરાવવા સારૂં ૩॥ ગ. ૩ વા. સોનું સોનીને આપ્યું તેણે વેઢ તૈયાર કરી મને જોખી આપ્યો તો ૩॥ ગ. ૨॥ વા. ૧ રતિ થયો તો મારૂં કેટલું હેમ બાકી રહ્યું ?

૪૩—મેં શાસ્ત્રીજીને મારે ત્યાં આવવા કહ્યુ તેમણે ૪ ઘડી પછી આવવાનો વાયદો કર્યો. હું પુરૂં સમજ્યો નહિ તેથી ૪ મિનિટે ફરી ગયો તો કેટલો વહેલો અથવા મોડો થયો ?

૪૪—એક અઠવાડીઆના કલાક કેટલા થાય ? પખવાડીઆના પહોર કેટલા થાય ?

૪૫—દોઢ રૂપિયે વારના ભાવની બનાત લીધી પણ ૧ ગજ ૩ તસુ થઈ તો કેટલા પૈસા આપવા ?

૪૬—મારી પાસે એક ગીની હતી તેમાંથી ૪ ટીકીટો વિરમગામની લીધી તો હવે મારી પાસે શુ રહ્યુ ? ટીકીટના ๐≈ એમ છે.

૪૭—મારી પાસે ૨૨ રૂપિયા છે તેમાંથી દરેક ૨॥ રૂપિયાની એવી કેટલી ચોપડીઓ લઈ શકાશે ? બાકી શું વધશે ?

૪૮—એક વેપારીએ ભૂલથી ૪ શેરીને પાંચશેરી સમજી મને ૨॥ મણ ચોખા તોળી આપ્યા તો ખરૂં વજન કેટલું ?

૪૯—મારે દશ મણ દૂધનો ખપ હતો ઘાંચીએ પોતાના ૧૬ લોટા માય એવા ૧૦ ઘડા ભરી દૂધ આપ્યુ તો લોટાનું અને ઘડાનું માપ કેટલું ?

૫૦—મારે ૧॥ ગદી. હેમ જોઇતુ હતુ. સોનીએ ૧૨ વાલ એક પાવલી અને ૧૦ રતી મૂકી તો મને કેટલુ ઓછુ આપ્યુ ?

૫૧—એક એડીયુ બાજરી હતી તેમાંથી કોથળો ચકલાને નાંખી અને બાકીની ૧॥ રૂ. મણુ પ્રમાણે વેચી તો શુ ઉપજ્યુ હશે?

૫૨—મારી પાસે એક ખાંડી જુવાર છે. દર મણે ૧ શેર ધરમાદા નાખી બાકીની ૧ રૂપિયાની ૨ મણુ પ્રમાણે વેચી તો શુ ઉપજ્યુ હશે ?

૫૩—મણુ ડાંગરનો રૂ. ૧॥ ઉપજે છે. મારે ૧૨॥ રૂપિયાનો ખપ છે તો કેટલી ગાલ્લી ડાંગર વેચું ?

૫૪—મારી પાસે ૯ કળશી બાજરી છે તેમાંથી એડીઉ ઘરમાં ખાવા રાખી, અને બાકીની 'રૂ. ૧)= મણુ પ્રમાણે છુટક વેચી તો શું ઉપજ્યુ હશે ?

૫૫—૪॥ માણી મગ લીધા તેમાંથી ૯ મણુ ઘરમાં ખાવા રાખી દોઢ રૂપિયે મણુ પ્રમાણે વેચ્યા તો કેટલા રૂપિયા ઉપજ્યા?

૫૬—એક વેપારીએ ૩ એડીઆં ડાંગર ૧ રૂપિયાની ૧॥ મણુ પ્રમાણે વેચી દીધી તો શુ ઉપજ્યું ?

૫૭—૧૨ નાના હારા કોદરી હતી તે રૂપિયે મણુનો ભાવ હતો ત્યારે વેચી નહિ, અને પંદર દિવસ પછી રૂપિયાની દોઢ મણુ થઇ ત્યારે વેચી તો કેટલા રૂ. ઓછા આવ્યા ?

૫૮—એડીઆની પાચશેરી કેટલી ? કળશીની કેટલી? ગાલ્લીની કેટલી?

૫૯—માણીની અઢીશેરી કેટલી? પાંચશેરી કેટલી? સવાશેરી કેટલી?

૬૦—મોતીલાલે ૧૦ ભાર કપાશીઆ લીધા તેમાંથી હમેશાં દશ શેર પ્રમાણે એક મહીના સુધી ભેંસને ખવરાવ્યા તો બાકી કેટલા રહ્યા ?

પરચુરણ ઉદાહરણો.

૧—૯ પૈસાનાં ૧૮ લીંબુ મળે છે તો પા આનાનાં કેટલાં મળે?

૨—૪ આનાનાં ૧૨ દાડમ મળે છે તો ૧ાાા રૂપિયાનાં કેટલાં મળે?

૩—૮ આનાની મણ બંટી મળે છે તો ૨૬ આનાની કેટલી મળશે?

૪—૯ દિવસમાં ૫૪ ગાઉ ચાલી શકાય છે તો ૧૪૪ ગાઉ કેટલા દિવસમાં ચલાય?

૫—૪૯ પૈસા મેળવવાને ૭ પાકીટ વેચવાં પડે છે તો ૨૩ પાકીટનું શું ઉપજશે?

૬—એક રૂપિયાની ૮ શેર ખાંડ મળે છે તો ૨૨૪ પૈસાની કેટલી આવે

૭—૧ રૂ. ૨ આનાનાં ૧૬૨ કેળાં મળે છે તો ૭ આનાના કેટલાં મળશે?

૮—૧૦ રૂપિયાના ૧૦૦ પુળા મળે છે તો ૨૫ રૂપિયાના કેટલા મળે?

૯—૧૧ બકરીના ૮૮ રૂપિયા ઉપજે છે તો ૧૫૨ રૂપિયામાં કેટલાં બકરાં વેચવાં?

૧૦—૩૬ શેર દૂધ જોઇતું હોય તો ૩૩ ગાયો દોહવી જોઇએ તો ૩ મણ દૂધ લેવાને કેટલી ગાયો દોહવી?

૧૧—૯ છોકરાને આપવાને ૧૧૭ પેનો જોઇએ તો ૬૫ પેનો કેટલા છોકરાને પહોંચે?

૧૨—મારી પાસે ૬૦ રૂપિયા છે તેનું ઘી લઊં તો ૧ા શેરનું મળે છે મધ ૦ાાા શેરનું અને તેલ ૨ાા શેરનુ મળે છે તો એ ૬૦ રૂપિયાનું દરેક કેટલું મળશે?

૧૩—૬ રૂપિયાના મેં છુટા પૈસા મંગાવ્યા, તેમાં ૦ાા રૂપિયાના

ઢબુ અને ૰ાા રૂપિયાની પાઇઓ આવી તો બધા મળી કેટલા સિક્કા આવ્યા ?

૧૪—મારી પાસે ૪૦ ભેંસો છે તે દરેક ૪૫ રૂપિયે વેચી દીધી તો કેટલા રૂપિયા ઉપજ્યા ?

૧૫—એક શેઠને ૨૪ દુકાનો છે વરસ પુરૂં થયે ૬૦ હજાર રૂ-પિયા નફાના રહ્યા તો એક દુકાનમાંથી કેટલો નફો મળ્યો કહેવાય ?

૧૬—છસો જાત્રાળુ આવ્યા તેમના કરના ૯ સો રૂપિયા થયા એ હિસાબે અમારે ૬૬ રૂપિયા આપવા પડયા તો અમે કેટલાં માણસ હોઇશું ?

૧૭—૮ દિવસ નાત જમાડી ત્યારે ૨ હજાર રૂપિયા ખરચ ઉ-પડયુ ત્યારે એક મહીનો જમાડીએ તો કેટલુ ખરચ આવશે?

૧૮—૮૪ બળદ વેચવાથી ૬૩ સો રૂપિયા ઉપજે છે ત્યારે ૩૭ બળદ લેવાને કેટલા રૂ. જોઇએ ?

૧૯—એક ખેડુતને ૨૧ આંબા છે તેના ૧૮૯ રૂ. ઉપજ્યા એ લેખે ૨૫૦ આંબાના વનનું શુ ઉપજે ?

૨૦—૮ા રૂપિયાની ૨૨ વળીઓ મળે છે તો ૧૦ાા રૂપિયાની કેટલી મળે ?

૨૧—૧૭૧ ચમચાના ૧૯ રૂપિયા ઉપજે છે તો ૨૮ રૂપિયાના કેટલા ચમચા આવે ?

૨૨—૮૪૧ માંથી ૭ દશક બાદ કરો બાકીમાં ૧૨૦ ઉમેરો તો કેટલા થાય ?

૨૩—મારી પાસે ૯૪૫ લીંબુ હતાં તેમાંથી ૯૩ વેચી દીધા પણ બીજાં ૧૦૩ આવ્યાં તો કેટલાં થયા ?

૨૪—એક ઝાડપર ૩૮૪ ફળ હતાં ત્યારે ૨૫ રૂપિયે ઘરાક હતું પણ આપ્યાં નહિ, રાત્રે પવન થવાથી ૧૧૨ ફળ ખરી પ-

ડયાં તે ાા આનાનું એક પ્રમાણે વેચી સવારમાં ૨૦ રૂ-
પિયે ઝાડ વેચ્યું તો મને શું ઓછું ઉપજ્યું?

૨૫—એક ટોપલીમાં ૨૪૯૮ જાંબુ છે બીજામાં ૫૦૨ છે તે
બંનેનાં એકઠાં કરીએ તો કેટલાં થાય ?

૨૬—એક ટ્રેનમાં ૪ાા હજાર માણુસ બેઠાં હતાં. સ્ટેશન આવ્યું
ત્યારે ૪ાા સો ઉતરી ગયાં પણ નવાં ૩ સો બેઠાં તો કેટલાં થયાં?

૨૭—એક ટ્રેનમાં ૧૫ ડબા છે અને દરેક ડબામાં ૭૫ પેસેન્જર
છે તો ગાડીનાં પેસેન્જર કેટલાં ?

૨૮—એક ઝાડપર ૧૫૦ પોપટ બેઠા છે એવાં ૨૨ ઝાડ છે તો
બધા મળી પોપટ કેટલા ?

૨૯—એક તળાવની પાળપર ૫૬ આંબા છે દરેકના ૨૫ રૂપિયા
ઉપજે તો બધા આંબાની કિમત કેટલી ?

૩૦—એક હવેલીને ૨૫ થાંભલા છે દરેકના રૂપિયા ૧૮ બેઠા તો
બધા થાંભલાની કિંમત કેટલી ?

૩૧—એક સભામાં ૧૫૦ માણુસો આવ્યાં છે તે દરેક પાસેથી
કેટલા રૂપિયા લઇએ તો બારસો રૂપિયા થાય ?

૩૨—૭૫૦ રૂપિયામાં કેટલા નાખું તો કોથળી પુરી થાયે ?

૩૩—૨ કોથળીમાંથી કેટલા રૂપિયા લઈ લઉં તો ૨૦૦ રહે ?

૩૪—૮૦ બળદ છે તે દરેકના ૧૦૦ રૂપિયા ઉપજાવુ તો કેટલી
કોથળી થાય ?

૩૫—એક ભેંસને બદલે ૩ વાછરડા મળે છે મારે ૮૭ વાછરડાનો
ખપ છે તો કેટલી ભેંસો આપવી પડશે ?

૩૬—૫૦ બકરી આપુ તો ૧ ઘોડો મળે છે ત્યારે ૧૩૫૦ બક-
રીને બદલે કેટલા ઘોડા મળે ?

૩૭—૨૨ાા સો બકરાં હતાં તેમાંથી કેટલાંક મરી ગયાં હવે મારી પાસે ૧ાા હજાર બકરાં છે તો કેટલાં મરી ગયાં?

૩૮—એક પાંજરાપોળમાં ૧ાા હજાર કુકડા છે બીજા કેટલાક આવ્યા એટલે ૨૧ સો થયા તો કેટલા નવા આવેલા?

૩૯—૫૭ સો રૂપિયા લીધા તેમાં ૫૬૦૪ રાણીછાપના અને બાકીના કંપની છાપના છે. તો કંપની છાપના રૂપિયા કેટલા?

૪૦—૩૫૦૧ રૂપિયે બંગલો રાખ્યો અને ૫૧૧ ખરચ અગ્યું તો કુલ કેટલા રૂપિયા થયા?

૪૧—૧૧૨ ભેંસો હતી તેમાંથી ૧૨ મરી ગઇ બાકીની દરેક ૫૨ રૂપિયે વેચી દીધી તો કેટલા રૂ. ઉપજ્યા?

૪૨—૪૫ સો રૂપિયા ઉપજાવવાને કેટલા બળદ વેચવા? એક બળદના ૨૫૦ રૂ. ઉપજે છે.

૪૩—એક પોપટના ૨૫ રૂપિયા ઉપજે છે એવા ૫૯ પોપટ વેચવાથી શુ ઉપજશે?

૪૪—આ તાલુકામા નિશાળ ખાતે દર મહિને ૪૦૦૦ રૂ. ખરચ થાય છે તો વરસનું કેટલુ ખરચ?

૪૫—૧૨ ગાડીના ૩ હજાર રૂપિયા ઉપજે છે તો ૫૬ ગાડીનું શુ ઉપજે?

૪૬—એક ટ્રેનમાં ૭૫૦ પોલીસ આવ્યા તેઓ ૯૨ કેદીને લઇ ટ્રેનમાં બેઠા તો માણુસ કેટલાં વધ્યાં?

૪૭—૧૦ રૂપિયાના પૈસા કેટલા? પાઇ કેટલી? આના કેટલા? ઢબુ કેટલા?

૪૮—૨૫ રૂપિયાના આના, બેઆની, પાવલી અને અધેલી કેટલી?

૪૯—૧ મ. ૫ શેર ખાંડ ૩ રૂ. પડે છે તો ૯ રૂપિયાની કેટલી ખાંડ આવે ?

૫૦—૧॥ મણ ઘીની ૨ ગીની બેઠી તો ૯॥ રૂપિયાનું કેટલું

૫૧—રૂ. ૧॥।= ની ૨।। મણ જુવાર મળે છે તો ૧ મ. ૫ શેરનું શું આપવું ?

૫૨—૧૯૭॥ મણુ ફોતરાંના ૭૯ રૂપિયા ઉપજે છે તો ૪૫ મણુ નુ શુ ઉપજે ?

૫૩—૯૯ સો એને બરાબર કેમ બોલાય ? ૫૩૯ એમાંથી દશક કેટલા નિકળે ?

૫૪—સરખેજમાં ૩૨૧૭ અને ધોળકામાં ૩૭૮૩ માણુસની વસ્તી છે તો બંને ગામની મળી કેટલી ?

૫૫—ભાવનગરથી પહેલી ટ્રેનમાં ૧૯૩૨ માણુસ ગયાં બીજીમાં ૨૫૬૮ ગયાં તો બંને વખતનાં થઇ કેટલાં ગયાં ?

૫૬—મારી ગાસે ૮ પૈસા છે તેમાંથી ૦)- મહાદેવમાં મૂકયો, બાકી રહ્યા તેને દોઢાકરી બીજી દેરીમા ૦)- મૂકયો તેથી બાકી રહ્યા તેને દોઢા કર્યા તોપણુ ત્રીજી દેરીમાં પહેલી દેરી જેટલા મુકાયા નહિ તો કેટલા ઓછા રહ્યા ?

૫૭—એક ગામનાં ૨૪૨ ઘર વસ્તીવાળાં છે તે દરેકમાં ૫ માણુસ છે તો ગામની વસ્તી કેટલી ?

૫૮—એક માટલામાથી ૧॥ મણુ ગોળ નિકળે છે ત્યારે ૭૫ મણુ ગોળનો ખપ હોય તો કેટલાં માટલાં લેવાં ?

૫૯—એક રબારી પાસે ૯૯૯ ગાયો હતી તે ૨૭ ઝાડ તળે સરખી બેસાડી તો દરેક ઝાડતળે કેટલી આવી ?

૬૦—૩૨ તાલુકામાં થઇને ૮૦૦૦ નોકર રાખવા પડયા તો એક તાલુકાના કેટલા ?

૬૧—બાર હજાર ૧૨ સો બાર એને બરોબર રીતે બોલી બતાવો.

૬૨—૫ વીઘાં જમીનમાં ૧૫૦ મણ અનાજ પાકે છે તો ૩૩૦૦ મણુ અનાજ પકવવાને કેટલી જમીન વાવવી ?

૬૩—૯૮ પુળીના રૂ. ૩–૧ બેસે છે તો પાકા સો પુળા લેવાને શું પડે ? (પાકા સો=૧૪૦)

૬૪—૧૦ આનાની સવામણુ બાજરી મળે છે તો ૨॥ રૂપિયાની કેટલી આવે ?

૬૫—૫૬ રૂમાલના ૮૪ રૂપિયા પડે છે તો ૨૪ રૂપિયાના કેટલા રૂમાલ આવે ?

૬૬—૨૪ રૂપિયાનું ૦॥ મણ ઘી મળે છે તો ૩ મણનું શું આપવુ?

૬૭—૨ મ. ૭ શેર ઘીના ૫૮ રૂપિયા આપવા પડયા ત્યારે ઘીનો શો ભાવ ચાલતો હશે ?

૬૮—૧૪ આનાની ૦॥ મ. ૫ શેર જુવાર મળે છે તો ૭૨ ઢબુની કેટલી મળે ?

૬૯—૧૩ પૈસા ૧ પાઇની ૧॥ મણ ભાજી મળે છે તો ૭॥ શેર ભાજીનું શું આપવું ?

૭૦—૧૭ બેટની કિંમત ૪૨॥ રૂ. પડે છે તો ૧૪૦ રૂપિયામાં કેટલાં બેટ મળે ?

૭૧—૪॥ રૂપિયાની ૩૮ ફુટપટી મળે છે તો ૧॥ રૂપિયાની કેટલી મળે ?

૭૨—૯૬ રૂપિયા વટાવવાથી ૦॥ રૂપિયાના છુટા ઓછા આવ્યા ત્યારે ૧૫ રૂ. વટાવવાથી શું ઓછું આવે ?

૭૩—૦। રૂપિયાના ૧૨ ટેટા મળે છે તો ૩૩ ટેટાના કેટલા ઠબુ આપવા ?

૭૪—રૂ. ૩)= નાં ૦।। મણુ પતાસા મળે છે તો ૦।।। મ. ૬ શેરની કેટલી એઆની આપવી ?

૭૫—એક શેર મરીના ૨। રૂપિયા પડે છે તો ૬ પૈસાભારનું શું પડશે ?

૭૬—૭ આનાનું ૦।। મ. ૪ શેર મીઠું મળે છે તો ૭ પાઈનું કેટલું મળે ?

૭૭—૧ રૂપિયાનાં ૧૨૮ નળીઆં મળે છે તો ૬૫ નળીઆનું શું આપવું ?

૭૮—૧।। રૂપિયાના ૧ મણુ ચણા મળે છે તો ૭।। શેર ચણાનું શું બેસે ?

૭૯—૩ રૂપિયાની ૨। મણુ બાજરી આવી ત્યારે ૯ શેર બાજરીની કિંમત શી ?

૮૦—૭।। આનાનાં ૫૦ જાંબુ મળે છે તો ટકાનાં કેટલાં મળે ?

૮૧—૦। શેર અગરના ૨૫ રૂપિયા પડે છે તો એક તોલાનું શું આપવું ?

૮૨—૬। રૂપિયાનાં ૧૦૦૦ નળીઆં મળે છે તો ૧૭૦ નળીઆંનું શું આપવું ?

૮૩—સવા રૂપિયાની પાકા સો પુળા ખસલી મળે છે તો ૨ આનાની કેટલા પુળા આવે ?

૮૪—૫ આનાનાં ૭૦ લીંબુ મળે છે તો ઠબુનાં કેટલાં મળે ?

૮૫—૧। શેર અફીણના ૨૦ રૂપિયા પડે છે તો ૦।। રૂપિયાનું કેટલું આવે? ૦,= નું કેટલું આવે ? ૦)- નું કેટલું આવે?

૮૬—૪ રૂપિયાની ૫ શેર સુખડ મળે છે તો ૧।। રૂપિયાની કેટલી આવે ?

૮૭—એક શેર અબરખના રૂ. ૧। અને ૧ પૈસો બેસે તો ૮ પૈસાભારનું શું બેસશે ?

૮૮—૨। રૂપિયાનાં ૬૩ દાડમ મળે છે તો ૦। રૂપિયાના કેટલાં મળે?

૮૯—૩।। રૂપિયાની ૮ મણ કોદરી મળે છે તો ૭ આનાની કેટલી મળે?

૯૦—૭।। રૂપિયાની ૧ મણ સાકર મળે છે તો ૧૧ શેરનું શું આપવું?

૯૧—૯ આને ડઝન મોજાં મળે છે તો રૂ.૫—૧—૦ નાં કેટલા આવે?

૯૨—૧૦ શેર ઘીના ૭।। રૂપિયા પડે છે તો ૧। શેરનું શુ આપવું?

૯૩—૪૮ રૂપિયાનુ ૧ શેર કેશર મળે છે તો નવટાંકનુ શુ આપવું?

૯૪—૩ રૂપિયાની ૩૨ હાથ છીંટ મળે છે તો ૬ આનાની કેટલી મળે?

૯૫—૧।।। રૂપિયાનાં ૬૩ રમકડાં ઠરાવી ૦। રૂપિયાનાં લીધા તો કેટલાં આવ્યા ?

૯૬—૧૦ આનાની ૧ મણ બટી મળે છે તો ૧૩।। શેર બંટીનુ શુ આપવુ અને ૨ રૂપિયાની લેવી હોય તો કેટલી આવે ?

૯૭—૦।।। રૂપિયાની ૩૨ શેર કાકડી મળે છે તો ૪।। આનાની કેટલી મળે ?

૯૮—રૂ. ૩—૧—૦ નું મ. ૨।, ૮ શેર દૂધ આવે છે તો પાશેર દૂધનું શું આપવું ?

૯૯—૩ આનાનું ૦। શેર તેલ મળે છે તો અધોળ તેલનું શું પડશે

૧૦૦—બેતાળા તોલે એક મણ ગોળના રૂ. ૩—૩—૦ ભાવ છે તો ૭ શેરની શી કિંમત પડી ?

ધાત અને કોષ્ટક.

સાધારણ તોલ.		વખતનું સ્થાનિ કોષ્ટક દેશી.	
૨ા રૂપિયાભારે	૧ અધોળ	૬૦ વિપળની	૧ પળ
૪ા પૈસાભારે	૧ અધોળ	૬૦ પળની	૧ ઘડી
૨ અધોળે	૧ નવટાંક	૭ા ઘડીનો	૧ પહોર
૨ નવટાંકે	૧ પાશેર	૮ પહોરનો	૧ રાત્રી દિવસ
૨ પાશેરે	૧ અચ્છેર	૭ દિવસનુ	૧ અઠવાડીઊં
૨ અચ્છેરે	૧ શેર	૧૫ તિથિનું	૧ પખવાડીઊં
૪૦ શેરે	૧ મણુ	૨ પખવાડીઆં / ૨૯ા દિવસ	૧ માસ (ચાંદ્ર)
૫ મણુનો	૧ કોથળો		
૬ મણુનો	૧ ભાર (કપાશીઆમાજ)	૧૨ માસ (૩૫૪ દિવસ)	૧ વરસ (ચાંદ્ર)
૭ મણુનો	૧ નાનો હારો		

૧૨ મણુની	૧ માણી
૬૧ મણુની	૧ કળશી
૨૦ મણુની	૧ ખાંડી
૨૧ મણુનો	૧ મોટો હારો
૩૦ મણુની	૧ ગાલ્ડી
૩૨ મણુનું	૧ બેડીઊં

જે વસ્તુ ગણુત્રીથી લેવાય છે તેનું કોષ્ટક.

૨૦ નંગ=૧ કુડી (વળીઓ તથા વાંસ લેવામાં)

૧૨ નંગ=૧ ડઝન
૧૨ ડઝન=૧ ગ્રોસ
} પેન્સિલો, મોજાં દીવાસળીની પેટી એ આ પરિમાણુથી લેવાય છે.

રૂ તથા કપાસ તોળવાને.

૪૮ શેરે ૧ ધડી
૨૦ ધડી ૧ ભાર

૨૪ તાવ અથવા કાગળ=૧ ઘા
૨૦ ઘા અથવા દસ્તા=૧ રીમ
૧૦ રીમ=૧ ગાંસડી
} કાગળ આ પરિમાણુથી લેવાય છે.

સોનારૂપાના તોલનું કોષ્ટક.

૬	ચોખાભારે	૧ રતિ
૩	રતિ	૧ વાલ
૧૬	વાલ	૧ ગદીઆણો.
૨	ગદીઆણે	૧ તોલો

જુનો તોલો કંપની રૂપિયા ભારથી ૭ રતી વધારે છે પણ તે ફક્ત અમદાવાદમાજ

વખતનું સ્થાનિક કોષ્ટક સરકારી.

૬૦ સેકન્ડ=૧ મિનિટ.
૬૦ મિનિટ=૧ કલાક.
૨૪ કલાકનો=૧ દિવસ
૨॥ વિપળની=૧ સેકન્ડ
૨॥ પળ=૧ મિનિટ
૨॥ ઘડી=૧ કલાક

લુગડાં ભરવાનું.

અસલ પ્રમાણે

૨ આગળનો	૧ તસુ
૨૪ તસુનો	૧ ગજ

ઘાસ ચારાના પુળા.

૫ વીશે	કાચા સો
૭ વીશે	પાકા સો

સરકારે ઠરાવેલુ નવું માપ

૧ ઇંચના	૧ તસુ
૧૨ ઇંચ અથવા તસુનો	૧ ફુટ
૨૪ તસુ અથવા ફુટનો	૧ ગજ
૧॥ ગજ અથવા ૩ ફુટનો	૧ વાર

વેપારી લોકો હિસાબ ગણે છે તે નાણાનું કોષ્ટક.

૧૬ વિસવાસી=૧	બદામ.
૧૬ બદામે=૧	દોકડો.
૧૦૦ દોકડા=૧	રૂપિયો
૬। દોકડા=૧	આનો.

સમાપ્ત.

પ્રાથમિક શાળાઓ માટે:—

નવીન સહેલા ડ્રૉઇંગનો અભ્યાસ

ડ્રૉઇંગ બુક ધોરણવાર.

"શાળાપત્ર"ના નવેમ્બર—ડીસેમ્બરના અંકમાં નવા ધોરણોમાં જણાવેલા ડ્રૉઇંગ તથા પદાર્થપાઠોના ક્રમ અનુસરતી વર્નાક્યુલર પ્રાથમિક શાળાઓના શ્રીઓ માટેના ડ્રૉઇંગના અભ્યાસક્રમ પ્રમાણે બાળ તે સાતમા ધોરણ સુધીના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને ઉપયોગી ધોરણવાર.

કિંમત બાળવર્ગ ધોરણ ૧ લું	૦—૧—૦.
ધોરણ બીજું ત્રીજું	૦—૧—૬
ધોરણ ચોથું	૦—૧—૦
ધોરણ પાંચમું	૦—૧—૦
ધોરણ છઠું	૦—૧—૬
ધોરણ સાતમું	૦—૨—૦
ઓરીજનલ ડ્રૉઇંગ બુક. અર્ધા ઇંચની ચોકડીવાળી	૦—૧—૦

સારા ઉંચા કાગળ ઉપર છાપેલી, મજબુત રંગીન પુંઠું જથ્થાબંધ ખરીદ કરનારને સારૂં કમીશન આપવામાં આવશે.

લખો —

ભરતખંડના સરળ ઇતિહાસના મોલ એજન્ટ.

એસ. બી. શાહની કંપની.

૨૬૬૭ માણેકચોક નાકા—અમદાવાદ.